॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥


**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.7990945460
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ અશરણશરણ તમે છો સાચે ॥

અશરણશરણ તમે છો સાચે,
આવ્યો છું શરણે,
તમારે આવ્યો છું શરણે !
અનુપમ સુખધારાનું દર્શન,
થાય મને ચરણે,
તમારા થાય મને ચરણે !
અનાથ છે અંતર આ મારું
જીવન છેક થયું અંધારું;
કરો તમે આજે અજવાળું, આવ્યો છું શરણે,
તમારે આવ્યો છું શરણે.
તમારા વિના રસ ના લાગે,
વીણા મારી લેશ ના વાગે;
ભરો તમે અંતર અનુરાગે, આવ્યો છું શરણે,
તમારે આવ્યો છું શરણે.
મૂર્તિ તમારી મંગલ ન્યારી,
અંતરપટમાં છે મેં ધારી;
થઈ હવે તો પૂરણપ્યારી, આવ્યો છું શરણે,
તમારે આવ્યો છું શરણે.
શરણ તમારું સુખમય આપો,
કરને મારા શિર પર સ્થાપો;
ક્લેશ કષ્ટ કાયમના કાપો, આવ્યો છું શરણે,
તમારે આવ્યો છું શરણે.
પાગલ પ્રાણ પ્રેમમાં મારો,
ઝંખે તમને તેને તારો;
દર્શન આપી આજ ઉગારો, આવ્યો છું શરણે.
તમારે આવ્યો છું શરણે.

**–શ્રીયોગેશ્વરજી**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ 'જૂન'ના અંકની વિશેષતા ॥
('સ્વર્ગારોહણ'નો સેવાયજ્ઞ)

'આપણે અન્યની તો શું આપણી પોતાની સેવા કરવા પણ અસમર્થ છીએ. દિવ્ય સત્તા જ આપણું દિગ્દર્શન અને નિયમન કરી રહી છે. એ સમજી લઇ એ દિવ્ય તત્ત્વને જ આપણને સહાય કરવા પ્રાર્થીએ જેથી આપણે વિશ્વની–વિશ્વના માનવીઓની સેવા કરી શકીએ. અને તો જ સૃષ્ટિકર્તાએ આરંભેલા મહાયજ્ઞમાં નાનકડી આહુતિ અર્પી શકીએ.'



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી યોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. શ્રીયોગેશ્વરજીની યજ્ઞવિભાવના | શ્રી યોગેશ્વરજી | ૧૦ |
| ૩. સમર્થ પુરુષો ને સેવા | શ્રી યોગેશ્વરજી | ૧૫ |
| ૪. કર્મનો નિયમ | શ્રી યોગેશ્વરજી | ૧૮ |
| ૫. માનવ્યનો મહિમા | શ્રી યોગેશ્વરજી | ૨૧ |
| ૬. જયપુર ફૂટકૅમ્પ : 'જયપુરિયા'ની કમાલ ! | શ્રી મયૂરી | ૨૨ |
| ૭. ગુપ્ત સત્કર્મ | શ્રી દર્શના | ૩૩ |
| ૮. સંતૃપ્તિની અનુભૂતિ | શ્રી મંજુલાબેન ભાવસાર | ૩૫ |
| ૯. 'સ્વર્ગારોહણ'નો અનોખો સેવાયજ્ઞ | શ્રી સુકૃતિ જાની | ૩૮ |
| ૧૦. શરણાગતવત્સલ શ્રીપ્રભુ | શ્રી બાપજી | ૪૧ |
| ૧૧. પ્રભુકૃપા | શ્રી બાપજી | ૪૭ |
| ૧૨. યોગઃ કર્મસુ કૌશલમ્ | શ્રી સુરેશ દલાલ | ૫૨ |
| ૧૩. પનામા યુવાધ્યાનશિબિર | ધરા-વિમિષા | ૫૬ |

# નિવેદન : 'સ્વર્ગારોહણ'–રોગહરણ કેન્દ્ર

'સ્વર્ગારોહણ' આમ તો 'ભવતાપ' વિદારવાનું ધામ છે. પણ અંબાજી તેમજ અંબાજીના આસપાસના જ નહીં, ગુજરાત-સૌરાષ્ટ્ર-રાજસ્થાનના દરિદ્રનારાયણોના શારીરિક-માનસિક 'તાપ-પરિતાપ' પરત્વે પણ તે અત્યંત સંવેદનશીલ અને સક્રિય છે; તેની પ્રતીતિ અહીં યોજાતા સત્કર્મો-સેવાયજ્ઞો કરાવે છે. અલબત્ત, પૂજ્યશ્રી યોગેશ્વરજીની સૂક્ષ્મરૂપે તેમજ પૂ. 'મા' સર્વેશ્વરીની પ્રગટરૂપે નિરંતર ઝરતી કરુણાના જ એ આવિર્ભાવ હોય છે.

પરમ પ્રેમમયી 'મા' પ્રેરિત, સર્વમંગલ ટ્રસ્ટ દ્વારા આયોજિત, નિષ્ઠાવાન સમર્પિત સેવકો-સત્સંગીઓની અને વિશેષ તો અનન્ય શ્રદ્ધાની અણમોલ ભાવસંપત્તિમાંથી રૂપાંતરિત ભક્તત્રિપુટીની (મંજુબેન, અર્પિતા-રક્ષિતા) શ્રી લક્ષ્મીથી સુગંધિત 'જયપુર ફૂટકૅમ્પ' માનવતાનું મંગલ નિદર્શન બની રહ્યો.

ડૉક્ટર-દર્દી-સેવકનું સમાયોજન એવું અદ્‌ભુત પ્રેમમય રહ્યું કે, સેવા આપનાર-લેનારનો જાણે અભેદ રચાયો. અપંગતાના અભિશાપ સામે અંગપ્રાપ્તિના આનંદ - ઉત્સાહ - જોમ - આત્મવિશ્વાસના, નવ-જીવનના વરદાનનું એક પ્રસન્ન વાયુમંડળ સર્જાયું.

સાચે જ, અપંગ કે વિકલાંગ પર 'દિવ્યાંગ' શબ્દ ઓઢાડી દેવાથી જ પીડાગ્રસ્ત મનુષ્યની પૂરી મહત્તા થઈ શકે નહીં. એના અભાવ-અંગક્ષતિના લીધે એમને રોજિંદુ જીવન જીવવામાં પડતી પારાવાર મુશ્કેલીઓને જાણી સમજી, એમાંથી એમને મુક્ત કરવા સક્રિય થવું એ જ માનવતાનો એકમાત્ર રાહ કહો કે દિવ્યકૃપાપ્રાપ્તિનો એકમેવ માર્ગ છે. અક્ષત હાથપગની કૃપા પામેલ દરેક માનવનું કર્તવ્ય ક્ષતિગ્રસ્ત અંગયુક્ત (Less privileged)ની સેવા દ્વારા ઈશ્વર પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું છે. એમાં જ એની સાર્થકતા છે. 'મૂકં કરોતિ વાચાલં, પંગુમ્ લંઘયતે ગિરિમ્' જ નહીં, સ્વાર્થજડને નિઃસ્વાર્થતાનો પદાર્થપાઠ, શીખવાડે એ જ 'પાર્વતી-પરમેશ્વરની' કૃપા છે. એ કૃપાને કોટિ કોટિ વંદન !



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૬૫**

**તા. ૨૧-૧-૮૩, શુક્રવાર, મહા સુદ સાતમ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ-લેનેશિયા**

સવારે સાડા ત્રણ વાગ્યાથી શરૂ થયેલો પૂ.શ્રીનો નિત્યક્રમ રાત્રે અગિયાર વાગ્યે પૂર્ણ થાય છે. પ્રભુની પૂર્ણ કૃપા છે કે શરીરને કોઈ વિશેષ શ્રમ કે થાક જણાતાં નથી.

પૂ.શ્રી અંગ્રેજીમાં એકધારાં પ્રવચનો કરી રહ્યા છે. દરરોજ જ પ્રવચનો ખૂબ સરસ હોય છે, એવા શ્રોતાઓના ઉદ્‌ગારો સાંભળીએ ત્યારે એમ લાગ્યા વિના રહેતું નથી કે, પૂ.શ્રી ઉપર પ્રભુની પૂર્ણ કૃપા છે. કૃપાપાત્ર ભક્તના શ્રીમુખે પ્રભુ કોઈ પણ ભાષામાં સફળ વાર્તાલાપ આપી શકે છે, એ હકીકત સ્વીકારવી પડે છે.

પૂ.શ્રી એક કલાક નિયમિત વ્યાયામ કરે છે. ફરીથી સાંજે પણ થોડો વ્યાયામ કરે છે.

બુધવાર, ૧૯મી તારીખે ડરબનથી ફોન ઉપર શ્રી શાંતિભાઈએ વાત કરતાં જણાવેલુંઃ બે દિવસ પહેલાં અહીં મારી દુકાનમાં બપોરના સમયે હું બહાર ગયો હતો ત્યારે એક ભણનાર વિદ્યાર્થી એક કવર આપી ગયો હતો. દુકાનમાં જેને કવર આપ્યું તેને તે વિદ્યાર્થીએ જણાવ્યું કે, મેં યોગેશ્વરજીનાં ત્રણ જ પ્રવચનો અહીં સાંભળ્યા છે. મને તે ખૂબ ગમ્યા છે. એથી એમને અહીં આવવાના ખર્ચની ટિકિટ માટે આ પૈસા આપવા આવ્યો છું.

દુકાનના ભાઈએ તે વિદ્યાર્થીને કોઈ વધુ પૂછપરછ ન

કરી અને કવર લઈ લીધું.

હું જ્યારે બહારથી દુકાનમાં આવી ગયો ત્યારે મને એ કવર આપ્યું. મેં જોયું તો એમાં આઠસો રેન્ડ (ભારતના સાત હજાર રૂપિયા) જેટલી મોટી રકમ હતી.

પૂ.શ્રીએ જ્યારે આ વાત ફોન ઉપર સાંભળી ત્યારે કહેલું : આ તો નરસિંહ મહેતાની હૂંડી જેવી વાત થઈ ખરું ને! પણ તમે તપાસ કરો. જો તે ભણતો વિદ્યાર્થી હોય તો તેને શોધીને સમજાવીને થોડી રકમ પાછી આપી દો. પ્રભુના હજાર હાથ છે. કેવી ગેબી મદદ કરે છે ! પણ તમે પૂરી તપાસ કરો. તેને સમજાવીને થોડી રકમ આપી દો.

શ્રી શાંતિભાઈને કહ્યું કે, કદાચ એ વિદ્યાર્થીના પિતાએ મોકલ્યા હશે; છતાં અમે પૂછપરછ કરીને તપાસ કરીશું.

આ આખીયે વાત કેવી અદ્‌ભુત છે, છતાં તે સત્ય હકીકત છે. પૂ.શ્રીના પ્રવચનની પ્રતિક્રિયા એ વિદ્યાર્થીના હૃદયમાં કેવી અદ્‌ભુત પડી તે જાણીને સહજ આશ્ચર્ય થાય છે.

વિદેશની ધરતી ઉપર પણ પૂ.શ્રીનાં ત્રણ પ્રવચનો અજાણ્યા શ્રોતાને કેવી અદ્‌ભુત સેવા કરવા પ્રેરે છે! ધન્ય છે તે વિદ્યાર્થીની સેવાવૃત્તિને! આ યુગમાં નાનકડા દાન પાછળ પણ જાહેરાત કરાવવાની ભાવના હોય છે, ત્યારે આ વિદ્યાર્થીની પડદા પાછળ રહેવાની વૃત્તિ ને ઉત્તમ સેવા કરવાની પ્રવૃત્તિ ધન્યવાદને પાત્ર ને અનુકરણીય છે.

સવારે સાત વાગ્યે લેખન ચાલુ થઈ જ જાય. આઠ વાગ્યે નિયમિત દૂધ લેવાનું.

આજે ખીચડીનું ભોજન લીધું. ભોજન બાદ મુલાકાતમાં સુંદર પ્રશ્નોત્તરી થઈ. દરમ્યાન કેનેડાથી શ્રી



સુરેશભાઈ પરીખનો ફોન આવતાં તેમની સાથે અર્ધા કલાક સુધી વાતો ચાલી. વળી, ડરબનથી શ્રી શાંતિભાઈનો ફોન હતો. તેથી મેં મુલાકાતની કોઈ ચર્ચા ના સાંભળી.

મુલાકાત બાદ વિશ્રામ. સાંજે ધ્યાનની બેઠક પહેલાં દશ મિનિટ શ્રી જ્યોત્સનાબહેન નાકથી પાણી પીવાનો પ્રયોગ પૂ.શ્રીના માર્ગદર્શન પ્રમાણે પૂ.શ્રીની હાજરીમાં કરે છે. તે બહેન કહે છે કે, ઘરે હું પ્રયત્ન કરું છું પણ આ રીતે પાણી પીવાતું જ નથી. આજે સવારે પણ મારા પ્રયત્નમાં હું નિષ્ફળ ગઈ. અહીં આપની હાજરીમાં એ પ્રયોગ સફળતાથી થઈ શકે છે.

તે બહેને આજે પણ બંને નાકથી પૂ.શ્રીની સૂચના પ્રમાણે સાત-સાત વાર પાણી પીધું. પ્રયોગ કરતાં પહેલાં ને પછી તે બહેને પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

ધ્યાનની બેઠકમાં સારી હાજરી હતી. પ્રવચન લક્ષ્મીનારાયણ મંદિરમાં હતું. ત્યાં પણ સંખ્યા સારી હતી. શરૂઆતમાં ફૂલહારથી સ્વાગત થયું. પૂ.શ્રીનું પ્રવચન ગુજરાતીમાં થયું. છેવટની દશ મિનિટમાં પૂ.શ્રીએ એનો અંગ્રેજી સારાંશ પણ કહ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવ્યાં. રવિવારે ગુલાબના બાગમાં ફરવા લઈ જવાની વાત થતાં પૂ.શ્રીએ કહ્યું - હું તો ગુલાબના બગીચામાં જ હંમેશાં રહું છું. (શ્રી મગનભાઈ, ડૉક્ટર શશીકાન્તભાઈ, શ્રી હસવતભાઈને બતાવીને કહ્યું) આ જુઓને ! ગુલાબ જ છે. બોલે છે, હસે છે. પેલા ગુલાબ તો એવું કરતાં નથી.

મહાત્માજી! તમે તો તત્ત્વજ્ઞાનની જ વાતો કરો ને! અમે તો ધરતી ઉપર રહીએ એટલે તે ફૂલોના બગીચાની વાત

કરીએ છીએ.

પૂ.શ્રીઃ અમારું જીવન જ તત્ત્વજ્ઞાનથી ભરેલું છે. ચોવીસ કલાક અમે તો ફિલોસોફીમાં જ જીવીએ. પ્રભુએ એવું જ કામ આપ્યું છે. સંસારીઓ સંસારની વાતો કરે. અમે અમારી તત્ત્વજ્ઞાનની ભાષામાં વાતો કરીએ. તે કંઈ આ જન્મે જ એવું થોડું છે? પાછલા ચાર જન્મોથી આ જ કામ કરીએ છીએ. કલકત્તા, પંજાબ, દક્ષિણમાં અમે અગાઉ મુક્તાત્મા તરીકે જ જન્મેલા. એટલે, અમે બીજી શી વાતો કરીએ?

છતાં તમારી ભાવના ગુલાબનાં ફૂલોનો બગીચો બતાવવાની છે તો ફરવા જઈશું.

સૌને એ વાતથી આનંદ થયો. છેવટે ‘કાલે મળીશું’ એમ કહીને વિદાય લીધી.

આજકાલ દરરોજ સાંજે છ વાગ્યે પાકી કેરી નાસ્તામાં લઈએ છીએ. તેથી રાત્રે સાડા દસ વાગ્યે જ્યારે પ્રવચન પછી પરત આવવાનું બને છે ત્યારે ફક્ત દૂધ જ પીવાનું બાકી રહે છે.

દૂધ ઠંડું જ, ખાંડ નાખીને લઈએ છીએ. ત્યાર પછી આરામ.

આજે આખો દિવસ ગરમી હતી. રાતે ઠંડો પવન શરૂ થયો. એ પવન જો ભૂલેચૂકે પણ શરીરને લાગે તો માંદગી આવી જ ઊભી એમ સમજવું. આ દેશમાં ખાસ પંખાઓ રાખવાનો રિવાજ ઓછો છે. કોઈક જ ઘરોમાં પંખા કે એરકન્ડિશન મશીનો જોવા મળે.

હરિઃ ૐ

**—‘મા’ સર્વેશ્વરી**



# ॥ શ્રી યોગેશ્વરજીની યજ્ઞવિભાવના ॥

મને મારા વિવિધ પ્રવાસ દરમ્યાન કેટલાક માણસો દ્વારા પૂછવામાં આવે છે કે યજ્ઞ વિશે મારો શો અભિપ્રાય છે આજે જે લાખો કે હજારો રૂપિયાને ખર્ચે જુદા જુદા યજ્ઞો થાય છે તે બાબતમાં મારો શો મત છે. મારી સમજ પ્રમાણે હું તેમને ઉત્તર આપું છું ને કહું છું કે પ્રાચીન કાળમાં થતા ને આજે પણ કેટલીક વાર સંત સાધુ કે ગૃહસ્થી દ્વારા કરાવાતા મોટા પાયા પરના યજ્ઞો આજને માટે જરૂરી નથી. આ યજ્ઞોમાં હજારો મણ અનાજ તથા ઘી હોમી દેવામાં આવે છે ને લાખો લાકડાંની નકામી ભસ્મ બની જાય છે. યજ્ઞોમાં આપવામાં આવતી દક્ષિણા દ્વારા હજારો રૂપિયા નકામા જાય છે, ને તે પછી કે તે દરમ્યાન થતાં મિષ્ટાન્નોનો વ્યર્થ વ્યય તો જુદો. આખરે આ યજ્ઞોનું પરિણામ પણ શું છે? વિશ્વશાંતિ માટે યજ્ઞો ઘણા થાય છે, પણ તેના પરિણામે ઉત્તરોઉત્તર અશાંતિ જ વધતી જાય છે. યજ્ઞો કરનારામાં નિષ્કામ બુદ્ધિ કે ઈશ્વરપરાયણતા ક્યાં છે? આજે તો નામના ને વાહવાહ કે દ્રવ્યને માટે જ યજ્ઞો થાય છે. અસલના ઋષિઓ યજ્ઞની શરૂઆતમાં મંત્રદ્વારા અગ્નિદેવનું આહ્‌વાન કરતા આજે એવા પુરુષો છે? ને હોય તો કેટલા? આ બધાની સાથે યજ્ઞને નામે કરોડો કે લાખો મણ ઘી ને અનાજનો થતો વ્યય આજના કપરા કાળમાં ઈચ્છવાયોગ્ય છે ખરો? યજ્ઞનો નામે લાખો રૂપિયાની આ રીતે બરબાદી કરવા કરતાં કોઈ બીજે વધારે સારા માર્ગે તે રૂપિયાને ના ખર્ચી શકાય? યજ્ઞ જો શાંતિ, આત્મિક

શક્તિ કે સિદ્ધિ માટે હોય તો તે બધાની પ્રાપ્તિનો કોઈ સરળ, ઓછો ખર્ચાળ ને બુદ્ધિગમ્ય માર્ગ નથી કે યજ્ઞના જ માર્ગનો તે માટે આધાર લેવો પડે ? આ બધા પ્રશ્નોનો બરાબર વિચાર કર્યા પછી હું કહું છું કે પ્રાચીન કાળમાં યજ્ઞનું સ્વરૂપ ગમે તે હોય, દાન પણ તે સમયે ગમે તેવું અપાતું હોય, આજે તો યજ્ઞ ને દાનના પ્રકારોમાં સમય પ્રમાણે ફેરફાર થવા જ જોઈએ. દુનિયામાં હજારો માણસો દરિદ્ર છે, ભૂખે ટળવળે છે ને ઘરબાર વિના ફરે છે : હજારો વિધવાઓ અસહાય દશામાં જીવન ગુજારે છે : કેટલાય વિદ્યાર્થીઓને ભણવું છે પણ પૂરતી આર્થિક મદદ વિના ભણી શકતા નથી : કેટલાક તો આશ્રય વિનાના ને અનાથની જેમ ફરે છે ને પાછળથી ચોરી જેવા અનેક ગુનાઓ શીખે છે. ગરીબાઈ તેમજ અજ્ઞાન ને છૂપી પાપવૃત્તિને લીધે લાખો બેનોના વેપાર થાય છે, ને તેમની પવિત્રતા નષ્ટ કરવામાં આવે છે. તેવી કેટલીય બેનો ઉઘાડે છોગે દુકાનો માંડીને ભારત ને વિશ્વનાં નાનાંમોટાં શહેરોમાં બેઠી છે. કેટલીક દિવાલો પાછળની ગંદી દુનિયામાં ચિત્કાર ને આહ નાખતી બેઠી છે. બેકાર ને મજુરી શોધતા હજારો માણસો કોઈ કામની આશામાં રખડે છે. દાંત ને આંખ તેમજ છાતીના રોગથી કેટલાય પીડાય છે : પેટ ને આંતરડાનાં દર્દોથી પણ રીબાય છે. ગામડાની કેટલીય પ્રજા દવા વિના એમનેમ બેસી રહી છે. લોકોમાં સાચા જ્ઞાનની કૈંક ભૂખ છે પણ તેમને યોગ્ય આધાર મળતો નથી. કાનનાં દર્દોને બીજાં ભયંકર દર્દો પણ કેટલાય માણસોને ઘેરી વળ્યાં છે. ગરીબ જનતા આનો યોગ્ય ઉપચાર પણ કરાવી



શકતી નથી. આ બધામાંથી કોઈયે એક હેતુને પરિપૂર્ણ કરવા માટે, કોઈપણ એક અથવા અનેક માણસોને તમે મદદ કરી શકો-તન, મન કે ધનથી સહાયતા પહોંચાડી શકો, તો તમે મહાન યજ્ઞ કર્યો ગણાશે. એટલા જ માટે આજે તો દાંતના રોગીની મફત સારવાર કરવા માટે દંતયજ્ઞો, નેત્રયજ્ઞો, પેટ ને છાતીના દર્દયજ્ઞો, કર્ણયજ્ઞો, મજુરી ને બેકારી નિવારણયજ્ઞો, અક્ષરજ્ઞાન ને શિક્ષણયજ્ઞો, નવસ્ત્રાને માટે વસ્ત્ર ને ભૂખ્યાંને સારું અન્નયજ્ઞો, ઉઘાડા પગવાળાને માટે ચંપલયજ્ઞો મધ્યમ વર્ગવાળાને માટે ઓછા ભાડાવાળા મકાનના યજ્ઞો, અનાથાશ્રમ, વિધવાસહાય ને વેશ્યાઓના ઉદ્ધાર-યજ્ઞો, દવાખાનાં ને પુસ્તકાલયો ને પ્રસુતિગૃહના યજ્ઞો, કથા ને કીર્તનદ્વારા ઉચ્ચ જ્ઞાનના પ્રચારયજ્ઞો, ગામડાં ને શહેરની સામૂહિક સફાઈના યજ્ઞો, કરોડો એકર રસકસ વિનાની થઈ પડેલી જમીન માટેના નહેરયજ્ઞો, જમીન વિનાનાને માટેના જમીનયજ્ઞો ને એવા એવા પ્રત્યક્ષ ફળ દેનારા, ખૂબ જ આવશ્યક ને મનુષ્યોને પશુપંખીના રૂપમાં જીવતાજાગતા યજ્ઞનારાયણની સેવાસહાયતાના વિરાટ યજ્ઞો થવા જોઈએ. ધનવાન ને પ્રતિષ્ઠિત લોકોએ ખુલ્લા દિલથી આવા યજ્ઞોમાં બનતી બધી જ મદદ કરવી જોઈએ. આજે અંદરઅંદર કેટલું વેરઝેર, કેટલા ભેદભાવ ને પક્ષાપક્ષી તેમજ સ્વાર્થખોરી ફેલાઈ છે ? આ બધાને જીવન ને સમાજમાંથી દૂર કરવા માટે માણસે ચારિત્ર્યયજ્ઞ કરવો જોઈએ આવા આવા યજ્ઞો દેશ ને દુનિયાની સૂરત બદલી નાંખવા માટે ખૂબ જ જરૂરી છે. તે તરફ લોકોનું

જેટલું લક્ષ દોરાશે તેટલું થોડું જ છે.

જીવનની શાંતિ માટે પણ ઈશ્વરસ્મરણનો યજ્ઞ તદ્દન પૂરતો છે. ઈશ્વરની કૃપા દ્વારા બધી જ કામના પૂરી થાય છે, ને સર્વ પ્રકારનાં ફળ મળે છે. તે માટે માણસે બનતો બધો જ પ્રયાસ કરવો જોઈએ. યજ્ઞના ધુમાડા કાઢવાની ઈશ્વરના સાચા ભક્તને કાંઈ જ જરૂર નથી, તેના દિલમાં તો ઈશ્વરના વિરહનો અગ્નિ દિવસરાત જલ્યા જ કરે છે. એટલે ઈશ્વરના પ્રેમાગ્નિથી છવાયેલું ભક્તનું દિલ એક પ્રકારની યજ્ઞવેદી જ છે. ઈશ્વરની સતત સ્મૃતિ, પ્રખર પ્રાર્થના ને વ્યાકુળતાની અખંડ આહુતિ આ યજ્ઞમાં અપાય છે. દુષ્કર્મનો નાશ થયા વિના, પવિત્રતા ને દૈવી સંપત્તિને પંથે વળ્યા વિના, ને ઈશ્વરપ્રાપ્તિનો નિશ્ચય થયા વિના આ મહાન યજ્ઞ થઈ શકતો નથી. આમાં નથી હોમવા પડતા તલ કે નથી નાખવા પડતા જવ : ઘીની જરૂર પણ આમાં છે નહીં. ઈશ્વરપ્રેમના આ યજ્ઞમાં તો મમતા ને અહંતા તેમજ મન ને ઈન્દ્રિયોની પરવશતાનો જ હોમ કરવો પડે છે, ને છેવટે ઈશ્વરના દૈવી રૂપનાં દર્શનથી સાધક કે યજ્ઞ કર્તાએ પ્રસન્ન ને ધન્ય થવાનું રહે છે. નાત કે જાતના ને બીજા દુન્યવી ભેદભાવ વિના કોઈયે પુરુષ કે સ્ત્રી આ યજ્ઞનાં અધિકારી થઈ શકે છે. ને ગમે ત્યારે, દિવસે રાતે કે કોઈયે દશામાં આ યજ્ઞ કરી પણ શકે છે.

ઈશ્વરસ્મરણનો આ યજ્ઞ એકલા કે સમૂહમાં થઈ શકે છે. કથા ને કીર્તન દ્વારા ઈશ્વર પ્રેમમાં ભક્ત તરબોળ બની સ્નાન કરે છે ને બીજાને પણ કરાવે છે. આ એક પ્રકારનો યજ્ઞ છે. પણ



તેનો ઉદ્દેશ લોકોનું મનરંજન કરવાનો કે વાહવાહ મેળવવાનો ને ધનસંગ્રહ જ કરવાનો ના હોવો જોઈએ. તે તો ઈશ્વરના પ્રેમની વધારે ને વધારે પ્રાપ્તિ માટે જ થવો જોઈએ. તે દ્વારા ઈશ્વરની વધારે ને વધારે પાસે પહોંચવાની ને છેવટે ઈશ્વરદર્શન કરી, ધન્ય થવાની જ ભક્તની નેમ હોવી જોઈએ. આવા કીર્તનયજ્ઞો સાંભળનારના હૃદય પર ઊંડી અસર કરી જાય છે, ને કેટલાયનું જીવન પરિવર્તન પણ કરી દે છે. કીર્તનનો આ યજ્ઞ એકાંતમાં કરવાથી પણ ઓર રંગ મળે છે. ઈશ્વરની પ્રાર્થના ને ગુણસ્તુતિ કરવાથી ને તેના મહિમાના મધુર પ્રસંગો પર વિચાર કરવાથી છેવટે ઈશ્વરનો અનન્ય પ્રેમ મળી જાય છે, ને ઈશ્વર વિના કોઈયે પદાર્થમાં મન લાગતું નથી.

આ યજ્ઞની આગળ બીજા દ્રવ્યમય યજ્ઞોની કિંમત કૈં જ નથી. માણસ જો આ જ યજ્ઞને જીવનમાં ઉતારે તો શાંતિ, સિદ્ધિ ને તેના સ્વામી ઈશ્વરની પ્રાપ્તિ તેને જરૂર થઈ શકે.

**—શ્રી યોગેશ્વરજી**

**(પ્રેમભક્તિની પગદંડી)**

---

ગજનીના બાદશાહે હસનને છાવણી પર પધારવા અનુરોધ કર્યો ત્યારે એણે કહ્યું : 'હું અલ્લાહની સેવામાં એટલો વ્યસ્ત રહું છું કે દેવદૂતોની સેવા માટે પણ મને સમય નથી. આ ફાની દુનિયાના હાકેમ માટે તો કોઈ અવકાશ જ નથી.' આ સાંભળી બાદશાહે કહ્યું; 'હું હસનને જેટલા ઊંચા સૂફી ગણતો હતો તેઓ એનાથી પણ અનેકગણા ઊંચા છે.'

## ॥ સમર્થ પુરુષો ને સેવા ॥

**પ્રશ્ન :** હિમાલયમાં એવા સમર્થ મહાપુરુષો હોય, તો તે દેશ ને દુનિયાને માટે કાંઈ જ નથી કરતા ? એ જો ધારે તો દેશ ને દુનિયાને કેટલી યે મદદ કરી શકે.

**ઉત્તર :** તમે આવો પ્રશ્ન પૂછશો એવું હું ધારતો જ હતો; તમે આવો પ્રશ્ન પૂછો તે સ્વાભાવિક છે. કેમ કે આ યુગમાં કોઈપણ વ્યક્તિ કે વસ્તુનું મૂલ્યાંકન એ સમાજને કેટલે અંશે મદદરૂપ થાય છે તેના પરથી થાય છે, લોકો મોટે ભાગે એ રીતે જ વિચાર કરે છે.

**પ્રશ્ન :** એ વિચારસરણી શું ખોટી છે ?

**ઉત્તર :** ખોટી નથી, પરંતુ અધૂરી જરૂર છે. અથવા તો એમ કહો કે એકાંગી છે.

**પ્રશ્ન :** કારણ ?

**ઉત્તર :** કારણ એટલું જ કે ભારતીય સંસ્કૃતિનો એક મહત્ત્વનો સંદેશ એમાં ભૂલી જવાયો છે. ભારતીય સંસ્કૃતિ જેમ વ્યક્તિએ સમષ્ટિની સેવા કરવી એવો આદેશ આપે છે, તેમ વ્યક્તિએ પોતાની સેવા કરી, અથવા પોતાની શુદ્ધિ સાધી, પરમાત્માનો સાક્ષાત્કાર કરીને, પૂર્ણ કે મુક્ત થવું એમ પણ શીખવે છે. સ્વ ને પર બન્નેની સેવા તથા બન્નેનું કલ્યાણ કરવાનો એણે ઉપદેશ આપ્યો છે. એ બન્ને પાંખે માણસે ઊડવાનું છે. એકલું પોતાનું જ કલ્યાણ કરીને એણે બેસી નથી રહેવાનું. અને બીજાની સેવાના કર્મમાં ગળાબૂડ ડૂબીને; એણે



પોતાની જાતની શુદ્ધિ ને પોતાની જાતના વિકાસ તરફ દુર્લક્ષ પણ નથી કરવાનું. આદર્શ જીવનનાં આ બન્ને પાસાંને લક્ષમાં રાખીને એણે પગલાં ભરવાનાં છે.

**પ્રશ્ન :** એનો અર્થ તમે એવો કરવા માગો છો કે પોતાની જાતની વિકાસ-સાધના કરનારા મહાપુરુષો પણ વ્યર્થ નથી જીવતા ?

**ઉત્તર :** હા. વધુમાં હું એમ કહેવા માગું છું કે, તેમના તરફ આપણે સહાનુભૂતિ રાખવી જોઈએ. તે બીજા કોઈને માટે કશું જ નથી કરતા એવું ના સમજવું જોઈએ. દરેકની કામ કરવાની પદ્ધતિ જુદી જુદી હોય છે. તે પ્રમાણે તે કામ કરતા જ હોય છે. એમાં યે જે સમર્થ મહાપુરુષો છે. તે તો બીજાને કામ લાગવા હંમેશાં તૈયાર રહે છે. બીજાને કામ લાગવું એ તેમનો સ્વભાવ હોય છે. એને માટે જ તેમનું શરીરધારણ હોય છે. કોઈ કોઈ યોગી તો સાધના પણ એટલા માટે કરે છે કે શક્તિ પ્રાપ્ત કરીને બીજાને ઉપયોગી થઈ શકાય. સાધના દરમ્યાન ને સાધના પછી એ બીજાને ઉપયોગી થાય છે પણ ખરા. એમનું જીવન જ વહેતી નદી જેવું હોય છે, જે પોતે તો જલથી ભરપૂર બને છે. પણ બીજાને પણ જલનું દાન દે છે. અથવા તો એનો કોઈક ફૂલની સાથે સરખાવી શકાય, જે પોતે તો ફોરમથી સંપન્ન બને જ છે, પરંતુ સાથે સાથે બીજાને પણ ફોરમ આપે છે. દીપકની પેઠે સ્વયં પ્રકાશિત કરે છે. એ સેવા નથી કરતા એમ કેવી રીતે કહી શકાય ?

**પ્રશ્ન :** છતાં પણ એવા મહાપુરુષો દેશ કે દુનિયાના મંચ

પર આવીને, વિરાટ પ્રાણમાં લોકસેવાનું કાર્ય કરતા હોય. તો તેમની દ્વારા વધારે મદદ ના મળે ?

**ઉત્તર :** મળે. પરંતુ એ તો એમની ઇચ્છા પર આધાર રાખે છે. અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો, એમના પ્રેરક એવા ઈશ્વરની ઇચ્છા પર આધાર રાખે છે. જે કાર્યક્ષેત્ર ઈશ્વરે એમને માટે નક્કી કર્યું હોય છે, તેમને ઓળખી લઈ ને એ દ્વારા એ બનતું સેવા-કાર્ય કરે છે. એમાં જ એમની મહાનતા રહેલી છે. દેશ કે દુનિયાના રંગમંચ પર આવીને, વિરાટ પ્રમાણમાં લોકસેવાનું કામ કરવાનું જો ઈશ્વર એમને માટે નક્કી કરે તો તેમ પણ કરે છે. તેમનું સમસ્ત જીવન જ ઈશ્વરપ્રેરિત અને ઈશ્વરમય હોય છે એટલે ઈશ્વરની ઇચ્છાનુસાર જ એ બધું કર્યા કરે છે. વ્યક્તિગત રીતે કોઈ ઇચ્છા કે સંકલ્પ એમને હોય તો પણ, ઈશ્વરની ઇચ્છાને ઓળખીને એ એમાં બાંધછોડ કરી દે છે.

**—શ્રી યોગેશ્વર**

**(ધર્મનો સાક્ષાત્કાર)**

---

'જો જ્ઞાની વિશ્વમાં રહે તો તેનો પ્રભાવ તેના નિકટના શિષ્યો જ નહીં, વિશ્વના તમામ લોકો અનુભવી શકે છે.'

★

'જ્ઞાની દેહ કે શરીર નથી, તેથી દેહત્યાગ કર્યા પછી પણ તે એટલો જ કલ્યાણકારક હોઈ શકે.'

**—શ્રી રમણ મહર્ષિ**



# ॥ કર્મનો નિયમ ॥

**પ્રશ્ન :** કેટલાક સત્કર્મપરાયણ ઊંચી કોટીના સંતો અથવા ભક્તોના જીવનમાં કેટલીકવાર પ્રતિકૂળતાઓ આવે છે અને એમને જુદી જુદી જાતનાં કષ્ટોનો તથા રોગોનો સામનો કરવો પડે છે તેનું કારણ શું હશે ?

**ઉત્તર :** જુદા જુદા માનવોના જીવનમાં જે કાંઈ સારું અથવા ખરાબ બને છે તેની પાછળ કર્મનો ચોક્કસ નિયમ કામ કરતો હોય છે. કશું જ કોઈ પણ પ્રકારના કારણ વગર એમને એમ થતું નથી. કોઈ વાર કારણ સમજાય તો કોઈ વાર સહેલાઈથી ના પણ સમજાય, તો પણ કર્મનો નિયમ તો કામ કરતો જ હોય છે.

**પ્રશ્ન :** એનો અર્થ એવો કરી શકાય કે એવા મહાપુરુષોએ એમના જીવનમાં સારાં કર્મોનો આધાર નહીં લીધો હોય ?

**ઉત્તર :** એમણે એમના જીવનમાં સારાં કર્મોનો આધાર તો અવશ્ય લીધો જ હશે. એથી તો એ ભક્ત, સંત, યોગી કે જ્ઞાની મહાપુરુષ બની શક્યા. પરંતુ એમની દ્વારા કોઈ બીજાં પ્રતિકૂળ કર્મો પણ થયાં હોય એવું બની શકે છે. કર્મોના એ રહસ્યને જાણવાનું કાર્ય અતિશય અઘરું છે. આપણે તો કેવળ અનુમાન જ કરી શકીએ.

**પ્રશ્ન :** તો પછી સામાન્ય માનવોમાં અને એવા મહાપુરુષોમાં તફાવત ક્યાં રહ્યો ? પ્રતિકૂળતા, વિઘ્ન, વ્યાધિનો સામનો તો બન્નેને કરવો પડતો હોય છે.

**ઉત્તર :** સામાન્ય અને અસામાન્ય બન્ને પ્રકારના માનવોને

પ્રતિકૂળતાનો, કષ્ટોનો તથા રોગોનો સામનો કરવો પડે છે, એ વાત સાચી હોવા છતાં પણ બન્ને પ્રકારના માનવોના મન પર એમની અસરો જુદી જુદી રીતે થતી હોય છે. સામાન્ય માનવો પ્રતિકૂળ પરિસ્થિતિથી ડરી, ડગી કે ગભરાઈ જાય છે અને આત્મવિશ્વાસને ખોઈ બેસે છે. કોઈવાર નિરાશાના શિકાર બનીને કુમાર્ગે પણ વળી જાય છે. પરંતુ મહાપુરુષો પોતાના મન પર કાબૂ કરી શક્યા હોવાથી અને પરમાત્મામાં અચળ વિશ્વાસ રાખતા હોવાથી ગમે તેવી, ગમે તેટલી પ્રતિકૂળતાઓ, આપત્તિઓ અને નિષ્ફળતાઓ આવે તો પણ ડરતા નથી, ડગતા નથી. તથા આત્મવિશ્વાસને કદી પણ ગુમાવતા નથી. પરમાત્મા પ્રત્યે અચળ વિશ્વાસ રાખીને એ સઘળા સંજોગોમાં શાંત રહે છે. જે કાંઈ સહન કરવું પડે છે તે શાંતિથી સહન કરે છે, અને કદી પણ વિપથગામી બનતા નથી એ કર્તવ્યની કેડી પર દિનપ્રતિદિન ઉત્તરોત્તર આગળને આગળ વધતા રહે છે. એવી રીતે એમનામાં અને સામાન્ય માનવોમાં માનસિક વિકાસની દૃષ્ટિએ આભ જમીનનો તફાવત હોય છે.

**પ્રશ્ન :** માનવ માત્રને પ્રતિકૂળતા, કષ્ટ તથા વ્યાધિના ભોગ બનવું પડે છે ?

**ઉત્તર :** એવો કોઈ સર્વસામાન્ય નિયમ નથી હોતો, તો પણ સામાન્ય રીતે મોટાભાગના માનવોને તેમના ભોગ બનવું પડે છે. જેવી રીતે માનવોને સંપત્તિવેરો લાગુ પડે છે તેવી રીતે એ સંબંધમાં પણ સમજી લેવાનું છે. જે જન્મે છે તે શરીરના કેટલાક સારાનરસા ઋણાનુબંધોને લઈને જન્મે છે. એ ઋણાનુબંધોને અનુસરીને માનવ સુખ તથા દુઃખનો ઉપભોગ કરતો હોય છે. એ ઉપભોગમાંથી કોઈપણ માનવ છૂટી શકતો નથી. ઉપભોગની



અસરોમાંથી છૂટવા માટે સૌ કોઈ સ્વતંત્ર હોય છે.

**પ્રશ્ન :** ઈશ્વરની કૃપાથી, મંત્રજપથી અથવા બીજી કોઈ ધર્મક્રિયાની મદદથી પ્રતિકૂળતા, કષ્ટ, અથવા વ્યાધિમાંથી છૂટી શકાય ખરું ?

**ઉત્તર :** જરૂર છૂટી શકાય. ઈશ્વરકૃપા તો સર્વોપરી હોય છે. એની આગળ કાંઈપણ અશક્ય નથી હોતું. એને જે માંગે છે અથવા મેળવે છે, તે સર્વપ્રકારે સુખી થાય છે. એ માનવને દુઃખમાંથી મુક્તિ આપે છે. નામજપ તથા બીજી એવી જ ધાર્મિક ક્રિયાઓના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે. એ ક્રિયાઓની મદદથી માનવ આધિ, વ્યાધિ તથા ઉપાધિમાંથી મુક્તિ મેળવે છે. પ્રારબ્ધ ખૂબ જ બળવાન હોય તો પણ પ્રતિકૂળતા તથા સંકટોને શાંતિથી સહન કરવાની શક્તિ સાંપડે છે. આપણાં ધર્મશાસ્ત્રોએ એટલા માટે જ એમનો આધાર લેવાની ભલામણ કરી છે. પ્રતિકૂળતા અથવા કષ્ટ કોઈપણ કારણે આવતું હોય પણ તેનો ઉપાય કરવા માટે માનવ સંપૂર્ણપણે સ્વતંત્ર છે. એણે એનો પ્રતિકાર કરવો જ જોઈએ.

**પ્રશ્ન :** ઉપાય કરવા છતાં પણ પ્રતિકૂળતા અને મુસીબતમાંથી મુક્તિ ના મળે તો શું સમજવું ?

**ઉત્તર :** એવે વખતે એવું સમજવું અને આશ્વાસન મેળવવું કે પ્રારબ્ધકર્મ ખૂબ જ બળવાન છે, એ છતાં પણ નિરાશ તો બનવું જ નહીં.

**—શ્રી યોગેશ્વરજી**

**(અધ્યાત્મનો અર્ક)**

# ॥ માનવ્યનો મહિમા ॥

બીજાને શાંતિ મળે, બીજા સુખી થાય. સમજૂતીને પામે. બીજા બંધનમુક્ત થાય. દીનહીન કંગાળ માનવ અને માનવેતર પ્રાણીઓ, ફરી વાર પાછા પોતાના આત્મગૌરવને અનુભવે. નીચાં નમેલાં મસ્તકો ઊંચાં બને એ મહાપુરુષ. એની એક આ ઈચ્છા કે માનવ આજે ગુલામ, પદદલિત પોતાને દીન-હીન-કંગાળ માનનારો થયો. જેમ બૉલને બધા જ લાતો લગાવતા જાય. ફૂટબૉલને, અને જેમ જેમ લાત વાગે, તેમ ફૂટબૉલ તે દિશામાં ઊછળવા માંડે. તેમ આ માનવને બધા જ લાત મારી જાય. માનવ પણ લાત મારી જાય, શાસકો પણ લાત મારી જાય અને વિકારો પણ લાત મારે. વાસનાઓ પણ લાત મારે. એ લાતો કેટલીક વાર દેખાતી ન હોય એને, પણ એ ભયંકર લાત પ્રહારો હોય. સંકલ્પોવિકલ્પો પણ એને બેચેન બનાવતા હોય, આ માનવને સ્થિર કરવો, એના મહિમામાં પ્રતિષ્ઠિત કરવો. એને માનવતાથી મંડિત કરવો, બનાવવો. બધી જ દાનવતાનું ખંડન થતું જાય. માનવની અંદર પણ, બહાર પણ, સમાજમાં પણ, રાષ્ટ્રની અંદર પણ, અને તે બધું પ્રભુના નામે થાય-પ્રભુને માટે થાય.

પ્રભુનો વિશ્વાસ રાખીને થાય. કોઈપણ જાતના દાવાઓ કર્યા સિવાય થાય. બીજા તો કેટલાક દાવા કરે છે. 'હું આમ કરી નાખું, હું તેમ કરી નાખું.' કંઈ નહીં, પ્રભુ કરે છે. પ્રભુ કરશે જ. નિર્ભયતાપૂર્વક થાય. પણ કોઈ જાતના દાવાઓ વિના થાય, નમ્રતાથી, પરમાત્માનું અનુસંધાન સાધીને જિવાય, શ્વાસ લેવાય.

**—શ્રી યોગેશ્વરજી**

**(પાતંજલ યોગદર્શન)**



# ॥ જયપુર ફૂટકૅમ્પ : 'જયપુરિયા'* ની કમાલ ॥

પૂ.મા-પ્રભુની કૃપા-આશીર્વાદથી જ સ્વર્ગારોહણમાં વર્ષોથી સેવાયજ્ઞો થતા રહે છે. તે જ રીતે આ વર્ષે પણ ૧૩મી માર્ચ થી ૧૮ મી માર્ચ સુધી જયપુર ફૂટકૅમ્પનું આયોજન થયું.

આ કૅમ્પની કોઈ વિશેષ જાહેરાત સિવાય જેમ-જેમ ખબર પડે તેમ તેમ દર્દીઓના નામ નોંધાતાં ગયાં અને કોણે કયા દિવસે અહીં આવવું તે જણાવવામાં આવ્યું. આ કૅમ્પમાં આવનાર દર્દીઓ માટે અંબાજી બસસ્ટેન્ડથી સ્વર્ગારોહણ આવવા માટે ગાડીની વ્યવસ્થા કરવામાં આવી છે. આવનાર દર્દીનું સૌપ્રથમ રજીસ્ટ્રેશન થાય. ત્યારબાદ તેમના આધારકાર્ડની ઝેરોક્ષ, જયપુર ફૂટકૅમ્પની સંસ્થા દ્વારા નામની નોંધણી-ટોકન નંબર-કયા દર્દીને કઈ સારવાર/સાધનની જરૂર છે તેની નોંધણી થાય. ત્યારબાદ દર્દીના હાથ/પગનું માપ (સાધન બનાવવા માટે) લેવામાં આવે. આ બધી વ્યવહારુક્રિયા પહેલાં દર્દીઓને તિલક કરીને પ્રસાદ આપીને સ્વાગત કરવામાં આવે છે. આ એક અનોખી પરંપરા ફક્ત સ્વર્ગારોહણમાં જ જોવા મળે છે.

દર્દીઓને પોતાના જરૂરી સાધનો તૈયાર થાય ત્યાં સુધી ઘણો સમય મળી રહે છે. તો તે સમયનો સદ્ઉપયોગ થાય તે માટે અહીં દુનિયાની અપંગ વ્યક્તિઓ પણ કેવી રીતે સર્વશ્રેષ્ઠ કાર્ય કરી શકે છે તે માટેની DVD બનાવવામાં આવે છે. તે માટેનું પુસ્તક પણ આપવામાં આવે છે જેથી દર્દીઓનું મનોબળ વધે અને કંઈક કરવાની ઈચ્છા થાય. પોતે શારીરિક રીતે અશક્ત

* પૂજ્યશ્રી'મા' શ્રીકૃષ્ણના સ્વરૂપને બહુ પ્રેમથી-લાડથી 'જયપુરિયા' તરીકે સંબોધે છે.

હોવા છતાં પણ ઘણું બધું શ્રેષ્ઠ કરી શકે તેવો આત્મવિશ્વાસ પેદા થાય. કેમ્પની શરૂઆત લગભગ-૯.૦૦ થી ૯.૩૦ દરમિયાન થતી તે રાત્રે ૮.૦૦-૮.૩૦ સુધી અવિરત સેવા થતી. જયપુરની સંસ્થાની દરેક વ્યક્તિ ખૂબ જ નિષ્ઠાથી, મનથી, ભાવથી પોતાનાં જ સ્વજનો માનીને વણથંભી, સેવામાં કાર્યરત રહેતા. કદી કોઈ દર્દી માટે અણગમો કે સૂગ રાખતા નહીં. તે દરેકની સેવા અદ્‌ભુત હતી. લગભગ બધી જ સેવા ઊભા રહીને જ કરવા છતાં તેમના ચહેરા ઉપર થાક કે ઊંઘ કે અણગમો દેખાતો ન હતો.

આ કૅમ્પ દરમિયાન પૂ.માનું દર્શન, પૂ.માની સંનિધિ, પૂ.માનું માર્ગદર્શન ખૂબ જ ઉપયોગી નીવડ્યું. જેમકે પૂ.મા કહે છે :

● 'આપણે આંગણે જે જે દિવ્યાંગ ભાઈ-બહેનો પધારે છે તેમને ખૂબ પ્રેમથી આવકારવાના છે.'

● તેમને સૌને સતત સહાયક થવાનું છે.

● એકલા કોઈપણ ચાલવા નીકળે. તો સતત તેની સાથે જોડાઈ જવાનું છે.

● મંત્રપ્રેરણા ધરવાની છે.

● ચાલતાં ચાલતાં એમના અંતરની વાતો કઢાવવાની છે.

● સૌ પોતાની રીતે સેવા શોધી લે.

● આવનાર સૌ આપણાં ઘરનાં જ છે. સ્વજન છે—તેમ માનીને દત્તક લેજો, એમના અંતરે વસજો, એમની સુખદુઃખની વાતો સાંભળજો.

● કવિ દુલા કાગ કહે છે તેમ; 'સૌને ઝાંપે મૂકવા જજો.'



● આપણું સ્થાન (સ્વર્ગારોહણ) શોધતાં શોધતાં, નવી આશા સાથે આવી, રહ્યા છે—તો આપણે સૌએ સાથે મળીને 'સ્વર્ગારોહણ'નું નામ રોશન કરવાનું છે.

● દરેક માને છે કે સ્વર્ગારોહણ મારું ઘર છે તો તે ઘરને આંગણે આવનાર સૌ આપણાં જ છે.

● આપણે દાનના કેટલાબધા પ્રકાર જાણ્યા તો તેમાંથી આપણે આશ્વાસન-દાન, હિંમતનું દાન, પ્રેમનું દાન, સમયનું દાન કરવાનું છે.

● "હા મા" મંત્ર બોલવાનો ખૂબ સહેલો છે, જીવનમાં ઉતારવાનો ખૂબ અઘરો છે.

● ૨૦૧૯ના જયપુર ફૂટકૅમ્પમાં ૮૪ જયપુર ફૂટ, ૧૨ હાથ, ૧૪૫ કૅલિપર્સ, ૧૨૪ બગલઘોડી ૪૦ સ્ટીક અને ૧૩ હેન્ડસ્ટીક એમ કુલ ૪૧૮ સાધનો દર્દીઓમાં વહેંચાયાં.

આ કૅમ્પમાં આવનાર દર્દીઓ શારીરિક રીતે તો અશક્ત હતા જ. ઉપરાંત માનસિક અને આર્થિક રીતે પણ અશક્ત જણાતા. તો ત્રણે રીતે સ્વર્ગારોહણ તેમને મદદ કરે. સ્વર્ગારોહણમાં આવનાર દરેક બાળક/ભક્ત પોતાની રીતે, પોતાની સમજ પ્રમાણે સેવા શોધતા હતા અને દરેકના મન-અંતરે કોઈને કંઈક ઉપયોગી થઈ શક્યા (માની કૃપાથી આવો અવસર પામી શક્યા)નો સંતોષ મેળવતા હતાં. આ કૅમ્પમાં દર્દીઓના દર્દથી વ્યથિત થતા સેવકો વિચારતા કે, આપણે કેટલા બધા રક્ષાયેલા છીએ ! ને સહજ જ સતત 'મા' પ્રભુને મનમાં 'Thank you' કહેવાતું હતું.

આ કૅમ્પનો પ્રમુખ આર્થિક સહયોગ શ્રીમંજુલાબેન

ભાવસારનો રહ્યો અને સહયોગ અર્પિતાબેન-રક્ષિતાબેને ધર્યો. એ સંદર્ભમાં 'મા'એ કહ્યું;

● "જન્માંતરની યોજના પ્રભુએ નિમિત્ત બનાવીને પાર પાડી."

● નારીશક્તિ શું કરી શકે. તેની દર્શનયાત્રા શ્રી મંજુબેને કરાવી.

● રાણી રાસમણિની ઉદારતાની વાત વાંચેલી.

● રાજમાતા મિનળદેવીની પણ વાત સાંભળેલી.

● ભારતના ઈતિહાસમાં સ્ત્રીશક્તિનું પણ એક વિશેષ સ્થાન છે.

આ કૅમ્પમાં લગભગ બધા જ દર્દીઓ હાશ પામીને ગયા. શારીરિક હાશ તો ખરી જ. માનસિક હાશ પણ ! ઘણા દર્દીઓ પોતાની જીવનની વાત કરતાં કરતાં જાણે હળવા થતાં હતાં. અહીં આ દિવ્ય વાતાવરણમાં તેમને ખૂબ માનસિક હળવાશ લાગતી અહીં સ્વર્ગારોહણના દરેક ભક્તો જાણે સ્વજનોની જેમ જ તેમની સાથે વાતો કરતા, ચલાવતા અને તેમનું દુઃખ હળવું કરવાના પ્રયત્નો કરતા. ઘણાં દર્દીઓ તો કૅલિપર્સ પહેરીને જાણે પહેલી જ વાર ધરતી પર પગ મૂકતા હતા. ત્યારે તેમના ચહેરાનો આનંદ જોઈને આપણને સ્વર્ગસુખ પ્રાપ્ત થતું. ઘણા દર્દીઓને કૃત્રિમ હાથ લગાવ્યો તો તેઓ જાતે પાણીનો ગ્લાસ લઈને પાણી પીતા તો તેમનો સંતોષ જોવાનો પણ એક લહાવો હતો. આ આખા કૅમ્પમાં મેં ત્રણ બાળકોને નજીકથી જાણ્યા. તેમાંથી એક નવ વર્ષનો બાળક જેનું નામ શિવ હતું. તેના પગે ખામી હતી. તેના પગનું માપ લેવાનું હતું (કૅલિપર્સ બનાવવા



માટે) તો તે શિવ ખૂબ રડતો હતો. માંડ-માંડ સમજાવ્યો ત્યારે તે શાંત રહ્યો. તેના પગનું માપ લેવાયું. લગભગ એકાદ-બે કલાક અહીં બધાની સાથે બેઠો, વાતો કરી, પછી તો કૅલિપર્સ, બને ત્યાં સુધી તે કહે; 'મારે લસરપટ્ટી ખાવી છે,' તો તેના પિતા ત્યાં લઈ ગયા, તેનામાં એટલી બધી શક્તિ આવી કે એવા ખામીવાળા પગે જ (એક જ પગે) તે લસરપટ્ટી ઉપર આગળથી અને પાછળથી એકલો ચઢ્યો ! તેને એટલો બધો ઉત્સાહ હતો (આજે મને નવો પગ મળશે !) કે તેને અમે જમવાનું કહ્યું તો કહે, "હવે તો મારો પગ આવશે પછી જ હું જમવા જઈશ."

એના પિતાજી તેને રમતો મૂકીને જમવા ગયા. પણ શિવ જમવા ન ગયો.

જ્યારે તેની ટ્રીટમેન્ટ થઈ, પગ (કૅલિપર્સ) પહેરાવ્યા-ત્યારે તે ખૂબ ખુશ થયો, ખૂબ જલ્દી-જલ્દી જાણે દોડવા લાગ્યો. એકલો કોઈપણ ટેકાની કે વ્યક્તિની જરૂર વગર !

એક ૧૪ વર્ષની છોકરી-જેનું નામ વૈશાલી. તેને પોતાને જ ખૂબ ઉત્સાહ હતો કે હું ઘોડી વગર ચાલી શકું. તે અહીં સ્વર્ગારોહણ આવી ત્યારે બગલઘોડી લઈને ચાલતી હતી. તેની એવી ઈચ્છા હતી કે હું એકલી ચાલી શકું. કોઈની પણ મદદ વગર. તેના કૅલિપર્સ તૈયાર થયા. તે પહેરીને ચાલવા તૈયાર થઈ. પહેલો એક રાઉન્ડ ઘોડી સાથે ચાલી, બીજો રાઉન્ડ સ્ટીક સાથે ચાલી, તે દરમિયાન તેની સાથે વાતો કરતાં જાણવા મળ્યું તો કહે મારે તો ટીચર બનવું છે. બે રાઉન્ડ ચાલ્યા બાદ એક-બે કલાક સ્વર્ગારોહણમાં વીતાવ્યો. તેણે ઘણાબધા સાથે વાતો કરી. તેનું વ્યક્તિત્વ એવું હતું કે તે સદા હસતી જ રહેતી જાણે આપણને વર્ષોથી ઓળખતી હોય, સાથે જ રહેતી હોય તેવો

તેનો વ્યવહાર હોય, સાથે જ રહેતી હોય તેવો તેનો વ્યવહાર હતો તેણે બધા સાથે ફોટો પડાવ્યો કહે : તમારા બધાની યાદ આ ફોટાસ્વરૂપે રહેશે. મને અહીં આ જગ્યાએ ખૂબ ગમે છે. જ્યારે સ્વર્ગારોહણમાંથી તેને ઘરે જવાનો સમય આવ્યો ત્યારે તેના પિતાજી કહે હવે અમે આ નવી ઘોડી લઈને જઈએ ત્યારે તેણે સામેથી કહ્યું કે મારે હવે ઘોડી વગર ચાલવું છે અને મારે ઘોડી ઘરે નથી લઈ જવી અને ખરેખર અમારા દરેકના આશ્ચર્યની વચ્ચે તે ઘોડી કે સ્ટીક કે કોઈના સહારા વગર ચાલી શકી. કુટિયા પાસે વારંવાર નીચે નમીને તે ધરતીને અડીને પ્રણામ કરતી હતી. ખૂબ ખૂબ ખૂબ ખુશ થઈને તે સ્વર્ગારોહણની સ્વજન બનીને વિદાય થઈ.

એક ૧૪-૧૫ વર્ષનો બાળક-જેનું નામ ઉત્સવ. તેને સવા વર્ષ પહેલાં ઉતરાણના સમય દરમિયાન કરંટ લાગવાથી એક હાથ અને એક પગ ઉપર ઈજા થવાથી તે કામ આપતો ન હતો. અમે પૂછ્યું તો કહે અમે જયપુર જવાના જ હતા. પરીક્ષા પૂર્ણ થાય પછી જવાના હતા, ત્યાં જ આ સ્વર્ગારોહણમાં કૅમ્પ છે તે જાણીને અહીં આવ્યા. તે છોકરાએ કહ્યું મારે પાયલટ બનવું છે તે અંબાજીનો રહેવાસી છે એ બાળક પણ કૅલિપર્સથી ચાલતો થયો.

'મા' કહે-'સત્કર્મોથી આ ધરતી સુગંધીત રહી છે. સૂત્રધાર કોઈપણ હોય, આ ધરતીનું સત્ત્વ સૌને હાશ ધરી રહ્યું છે. નાના-મોટા અનેક સત્કર્મો અહીં થતાં રહે છે. યથાશક્તિ સૌ પડખે રહે છે. સૌને હાશ મળે છે. એટલે અહીં કદાચ સૌને શાંતિ મળતી હશે.'

કૅમ્પના અંતે મા કહે છે : 'આપણાં અતિથિઓને આપણી



જગ્યાએથી જ વંદન કરીએ. જે પ્રભુ આ કૅમ્પને સંપન્ન કરે છે તે પ્રભુને આપણે પણ પ્રણામ કરીએ. આવેલા સૌ અતિથિને હસતા રાખે એવી પ્રાર્થના. અહીં પધારેલા સૌ અતિથિઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આપ સૌ અહીં પધારીને સેવાની એક તક આપી રહ્યા છો-તમે જ ના આવો તો આ તીર્થ કેવી-કોની સેવા કરે ? તમારા સૌનો ખૂબ આભાર. આપને સૌને સર્વ રીતે સહાય કરવા અમે પૂર્ણ રીતે પ્રયાસ કરીશું. છતાં કોઈ ક્ષતિ રહી જાય તો ક્ષમા કરજો.'

સ્વર્ગારોહણમાં સેવાની સાથે સાથે સત્સંગનો વિશેષ લાભ પણ મળે છે. પૂ.મા કૃપા કરીને સૌ બાળકોને સાધકોને સત્સંગથી, હાશ ધરે છે. સત્સંગરૂપી, દર્શનરૂપી, સાન્નિધ્યરૂપી છાંયડી પામીને સાધક-બાળક શીતળતાનો અનુભવ કરે છે.

સત્સંગ :

- તમે બધા તો ખાવ-પીઓ-બેસો..પણ આપણી વચ્ચે પ્રભુ તો ૨૪ કલાક ઊભા રહે છે.
- એમને કોઈએ રાત્રે પણ આરામ કરતા જોયા નથી.
- એ કોઈને વઢતા નથી-તટસ્થ બનીને પોતાની ધારેલી યોજના પાર પાડતાં રહે છે.
- આ બધી જ સફળતા પ્રભુની ચેતનાને આભારી છે.
- જો તેઓ અહીં સન્મુખ ના ઊભા હોત તો આપણાં એક પણ સ્વપ્ના પૂરાં ના થઈ શક્યા હોત.
- એટલે એમને સતત સતત માનસિક વંદન કરતાં રહેવું.
- તેઓ મૌન રહીને બધાને જ સંભાળી રહ્યા છે.
- પછી તે રોડ રીપેરવાળા હોય, કે ગટરવાળા ભાઈઓ

હોય કે ડૉક્ટર હોય કે દર્દી હોય કે પછી સેવક હોય.

[અહીં સ્વર્ગારોહણના આગળના દરવાજા પાસે સરકારી કામ માટે ચારેબાજુ ખોદકામ ચાલે છે. રોડવાળી મંડળીને સમજાવવાનું કામ આ બે હાથવાળાનું નથી. એ તો તરત જ બૂલડોઝર ફેરવી દે. અને કહી શકે કે તમારો કૅમ્પ છે. મારે શું ? મને મારું કામ કરવા દો. એમ કહીને એ તો કામ ચાલુ કરી દે.]

● પણ પ્રભુ આપણાં સૌની લાજ રાખે.

● પ્રભુ વિના એક પગલું પણ આ સૌ ના ભરી શકે.

● એટલે સર્વકાર્ય, સર્વ સફળતા, સર્વસેવાનો સંપૂર્ણ યશ પ્રભુને જ આપવો પડે.

● તમે બધા પણ ખૂબ સરસ રીતે મંડપની આસપાસ વીંટળાતા રહો છો. એટલે તમારી હાજરી પણ હૂંફ ધરી રહી છે.

● જેની થોડી પણ પાત્રતા હશે, તેને એ સ્વરૂપમાં (પ્રભુના સ્વરૂપમાં) થોડાક પણ ચિન્મય તત્ત્વનું દર્શન થશે.

● એ જ ઊભા રહીને સઘળો વહીવટ સંભાળી રહ્યા છે.

● સ્વર્ગારોહણના એક પણ સ્વજન સ્વપ્ને પણ એવું ના માનતા કે 'હું કરું છું ! અમે કરીએ છીએ ! અમે ના હોત તો કૅમ્પના થાત, અમે ગામડે ફોન ના કર્યા હોત તો દર્દીઓ ના આવ્યા હોત.'

● આપણે તો માત્ર રમકડાં છીએ.

● આપણને આવા સત્કર્મ માટે, સેવા માટે કૃપા કરીને પસંદ કર્યા છે. એવો 'નમ્ર સેવકભાવ' હૈયે ધારીને જ દર્દીઓને પોતાના જ માનીને વધાવતા રહેવાનું છે.



● આપણે આંગણે આ પર્વ છે, તો પૂરા ભાવથી એને મનાવી લઈએ.

● 'દિવસના આઠ-દસ કલાકમાં કેટકેટલાં પાત્રોને આપણે મળ્યા.'

● કેટલાંક સ્મરણપટ પર રમતાં રહ્યા, કેટલાંકની પ્રસન્નતા વર્ષો સુધી યાદ રહે તેવી.

● તમારી આંખ પાસે એક-એક વાર્તા છે.

● તમારા કાન પાસે એક-એક ઈતિહાસ છે.

● જાણે આંખ અને કાનને ખુલ્લા મૂકીને પ્રભુ કહી રહ્યા છે.

હે સ્વજનો ! તમને અમે સંપૂર્ણ અંગે બનાવ્યા છે તે યાદ રાખો. આપણાં પ્રત્યેક અંગની ગૌરવગાથા પ્રભુને ગમે તેવી ગાવાની છે.

● આંખ આપી છે અહીં બેઠેલા સૌને બે સ્પષ્ટ આંખ આપેલી છે. તે જોઈ શકે છે.

● શું જોવાનું છે. તે આપણે જાણીએ જ છીએ.

● શું સાંભળવાનું છે તે પણ આપણે જાણીએ જ છીએ.

● ક્યાં ચાલવાનું છે તે પણ આપણે જાણીએ જ છીએ. જે જે જાણે છે. તેને તેને માથે કરવાની જવાબદારી છે.

● આંખ આપી-ગુણદર્શન માટે.

● કાન આપ્યા-ભગવદ્ચર્ચા સાંભળવા.

● દરેક પોતે જ પોતાને પૂછે કે આપણે એ અંગોને કેટલા પવિત્ર રાખી શક્યા છીએ.

● આ બધા દર્દીઓમાંના ઘણાં કહે છે કે આ તો અમારા કરેલા કર્મોનાં ફળ છે.

● એ શબ્દોથી આપણે પણ જાગવાનું છે.

● ભવિષ્યમાં કોઈપણ દેહે આપણો એવો વારો ના આવે કે આપણે કહેવું પડે કે એ તો આપણાં કર્મો છે !

● એટલે સારાં જ કર્મો કરવા માંડો.

● અમે હરિ ૐ આશ્રમમાં જતાં તો પાસે જ (નજીકની જગ્યામાં જે) ઘણીવાર અગ્નિસંસ્કાર થતાં રહે, તો ત્યાં શેડમાં વાક્યો લખેલા હતા :

'મળ્યો છે દેહ માનવનો
જગતમાં ધૂપસળી થાજો...વગેરે.'

● એટલે જગાડનારાં ઘણાં પાત્રો પ્રભુ આપણી સામે મોકલતાં રહે છે.

● એટલે આ હાશની પરબ છે, ને જાગવાનું પર્વ પણ છે.

● આજથી અહીં બેઠેલા સૌ મનથી નક્કી કરે કે આંખથી હું શુભદર્શન જ કરવાના પ્રયત્ન કરીશ.

● ક્યાંય કોઈને વિક્ષેપ ના ધરું.

● હસતાં હસતાં ખસતા જ રહીશું.

● આવા દૃઢ સંકલ્પ હશે તો દેવો પણ પુષ્પવૃષ્ટિ કરશે.

● આવા કૅમ્પ દ્વારા આપણું 'દસવિધ સ્નાન' થઈ રહ્યું છે.

● દરેક અંગનું ગંગાસ્નાન.

● હાથનું સ્નાન, પગનું સ્નાન, મન-વાણીનું, આંખનું ગંગા સ્નાન.



● એ કૅમ્પનું બધું કાર્ય કોણ કરાવે છે ?

● પ્રવેશદ્વારે ઊભા પ્રભુ પડદા પાછળ રહીને આ બધું જ કરાવે છે.

"આ આસપાસ માની ફરતે રે
કોણ છે ઊભું..."

આપણે સૌ સ્વીકારતાં રહ્યાં છીએ કે આ કૅમ્પ ચલાવવાની વ્યક્તિગત શક્તિ કોઈની નથી.

● "કોઈક" એનો દોરીસંચાર કરી રહ્યું છે.

● "કોઈક" સૌના કાનમાં જઈને કૅમ્પના સમાચાર દેતું રહે છે.

● "કોઈક" તો છે જ.

● પકડાતું નથી, દેખાતું નથી-પણ છે-એ વાત ચોક્કસ છે.

● એ જ રમાડે, ને એ જ રમે એ જ જીતે...

● સવારે ૯.૦૦ થી સૌ સેવા માટે સજ્જ-રાત્રે ૮.૦૦ સુધી. કોણ શક્તિ ભરે છે ?

● એના અસ્તિત્વનો સ્વીકાર કરવો જ પડે.

– અહીં જે જે વાર્તાલાપ માટે ઊભા થાય છે, તે સૌ પણ ઉઘાડી આંખે જોઈ રહ્યા છે, આ અચરજના સાક્ષી બની રહ્યા છે.

**–સંકલન : મયૂરી ટેલર**

'I see your signature everywhere. I come to you with flowers And am blessed with a Garden !'

# ॥ ગુપ્ત સત્કર્મ ॥

[જયપુર ફૂટકૅમ્પનો આરંભ મંગલ, મધ્ય મંગલ, અન્ત પણ મંગલ ! છતાં પૂજ્યશ્રી'મા' અહીં 'અચ્યુતં કેશવં' કરવાને બદલે, એમની અસીમ પ્રેમધારાને અહીં સ્થગિત કરી દેવાને બદલે આગળને આગળ વિસ્તારે છે પરિણામે કૅમ્પમાં આવીને પોતપોતાને ઘરે પહોંચી ગયેલા દર્દીનારાયણોની તપાસ કરાવીને એમને 'ઑર એક વધુ સહાય' કરવા અનુરોધ શું કરે છે કે, સ્વર્ગારોહણમાં અત્યંત સહજ રીતે જ 'ગુપ્ત સત્કર્મ' સંપન્ન થઈ જાય છે.]

જયપુર ફૂટકૅમ્પ બાદ નવરાત્રિ આવતી હતી.

પૂ.શ્રીમાએ કહ્યું આપણે અંબાજીનાં જે લોકોએ ફૂટકૅમ્પનો લાભ લીધો છે તેઓનો follow up કરવો જોઈએ એટલે શ્રી ચન્દ્રકાન્તભાઈ પંડ્યા અને શ્રી કનુભાઈને follow up માટે ૧૫ જેટલા દર્દીઓને ત્યાં મોકલ્યા અને કહ્યું; 'એ લોકોની આર્થિક સ્થિતિની પણ નોંધ લેજો.'

સર્વે કરતાં માલૂમ પડ્યું કે ૧૫માંથી ૯ જેટલા પરિવારની આર્થિક સ્થિતિ ખરેખર ખરાબ છે. પૂ.માને આ વાત ખબર પડી એટલે પૂ.શ્રી માએ પૂછ્યું; આપણે નાનકડું સત્કર્મ કરવું છે ? સૌએ સહર્ષ માની વાત વધાવી લીધી. આ 'ગુપ્ત સત્કર્મ' નવરાત્રિના પ્રથમ દિને કરવાનું નક્કી થયું. પૂ.માએ કહ્યું, 'આપણે જાણ્યું કે આ પરિવારોની આર્થિક સ્થિતિ ખૂબ નબળી છે. એ વાત જાણીને બેસી ના રહેવાય. જાણ્યું તો આપણી ફરજ



છે કે એઓને આપણે મદદ કરીએ.'

આ ગુપ્ત સત્કર્મ એટલા માટે કહ્યું છે કારણ આમાં ફાળો કોણે કેટલો આપ્યો એ નોંધાયું નથી. જે કંઈ 'ભંડોળ' ભેગું થયું તેમાંથી ગૃહઉપયોગી વસ્તુમાં જેવી કે અનાજ, તેલ, ચારસા, ટુવાલ, સાબુ, ખાંડ, ગાળ, વાસણ લઈ આવ્યા અને નવરાત્રિના પ્રથમ દિને સત્કર્મ કરવામાં આવ્યું.

**–સંકલન : દર્શના**

'જેટલો પ્રેમ પ્રસરશે એટલા શ્રીકૃષ્ણ જીવિત રહેશે. પ્રેમથી પરમાત્માનો રસ્તો બનવો શરૂ થાય છે, કેમ કે પ્રેમ તેનો રસ્તો છે. પ્રેમ જ પ્રાર્થનાનું પ્રથમ રૂપ છે, ભક્તિની શરૂઆત છે. 'સંપૂર્ણ વિશ્વ એટલે વાસુદેવ' એવી અનુભૂતિ જેને થાય એ જ ભક્તોમાં શ્રેષ્ઠ !

દર્દીનારાયણને સહાય કરવા આપણે એકવાર આમંત્ર્યા, એમને માટે પ્રેમ-અનુકંપા વહ્યાં તો આપણો સંસાર સંકોરાતો જાય, નાનો થતો જાય, આપણે મટતા જઈએ; એ મોટા થતા જાય. આપણી દૃષ્ટિ જ એવી પ્રાંજલ-સ્વચ્છ-શુદ્ધ થઈ જાય કે, જ્યાં જોઈએ ત્યાં પરમાત્મા જ દેખાય. પ્રેમનું આ આકાશ ક્યાં સુધી વિસ્તર્યું છે તે જોવા જાતના આંગણામાંથી બહાર નીકળવું પડે.'

## ॥ સંતૃપ્તિની અનુભૂતિ ॥

સ્વર્ગારોહણ તીર્થની સેવાની સુગંધ દૂર દૂર ફેલાઈ. સ્વર્ગારોહણ ના દ્વારે દર્દીનારાયણનાં દર્શન થયાં !

સ્વર્ગારોહણના દ્વારે પધારેલા દર્દીનારાયણનું તિલક અને પ્રસાદથી સ્વાગત થયું. પધારેલા દર્દીનારાયણની આંખમાં આશાનું કિરણ હતું. સ્વાગત ને આનંદ અને આશ્ચર્ય સાથે માણી રહ્યા હતા. ન કલ્પેલી વાત તેઓ માટે હતી. પરંતુ અહીં પૂજ્યમાનો દરબાર છે. અહીં તો દિવ્યાંગ અને ગરીબ કે પૈસાપાત્ર સૌને એકસરખો આવકાર હતો. સેવામાં સેવકો તૈયાર હતા. બેસવાની તરત જ વ્યવસ્થા થતી. અરે ! વ્હીલચેર પણ દરવાજે સેવાની પ્રતીક્ષા કરતી ઊભી રહેતી !

જયપુર ફૂટના સેવકો વફાદાર સૈનિકની જેમ સેવા માટે સજ્જ પૂ.મા પણ જયપુરફૂટના સેવકોને ખૂબ આદર અને સન્માન સાથે વધાવે છે. દરેક સેવકને તિલક ટુવાલ, અને પ્રસાદ અર્પણ થાય છે. પૂજ્યભાવે પ્રેમથી તેમને નમસ્કાર કરાય છે. જયપુરના સેવકો ધન્યતા અનુભવતા આપણે તો સામે ચાલીને સન્માન કરવાનું હોય. પણ વિનમ્ર સેવકો જરાપણ વિલંબ કર્યા વિના પાસે આવી સ્વીકારી લે છે. પૂ.મા સ્વયં પણ સ્વહસ્તે પ્રસાદ અર્પણ કરે છે, તેઓ પૂ.માના દર્શનની ધન્યતા અનુભવે છે. આ દૃશ્ય સૌ માટે અદ્‌ભુત હતું.

જયપુરફૂટના બે પાયા : એક દર્દીનારાયણ અને બીજા જયપુરના સેવકો. આ બે વિના સેવાયજ્ઞ સંભવિત ન હતો. બંને



પક્ષોને અંતરના અંતરતમથી પ્રણામ. જેને કારણે આ તીર્થમાં સૌને સેવાનો લાભ મળ્યો.

બીજો આનંદ ગુરુભગવન્તે ચીંધેલો સેવાનો યજ્ઞ અને પૂ.માએ યજ્ઞનું આયોજન કરી બધાને સેવાનો સાચો રાહ બતાવ્યો. જેની કૃપાથી આ જીવનના તાણાવાણા વણાયેલા છે. પૂ.મા આ તાણાવાણાને સરખા કરવા સતત પ્રયત્ન કરી રહ્યા છે. તે મા-પ્રભુના ચરણોમાં શત શત વંદન. શબ્દોમાં તેનું વર્ણન ન થઈ શકે.

બંસીમાં છેદ પાડનાર, અને સૂર રેલાવનાર અદૃશ્ય હોય છે આપણે કેવળ તે સૂર સાંભળીએ છીએ, સૂર રેલાવનારને ભૂલી જઈએ છીએ. વાંસળીમાં છેદ પાડનારને ભૂલી જઈએ છીએ. કારણ સૂક્ષ્મ અહંકારના યુગોના પડદા હટાવવા મુશ્કેલ છે. શ્રી ચરણોમાં પ્રાર્થના કે યુગોના અંધકારના પડદાને હટાવી દેજો. તમારા જ પ્રકાશમાં જીવનપંથને સારી રીતે પૂર્ણ કરીએ.

તનની પંગુતાને નહીં મનની પંગુતાને પણ મા વિદાય આપી રહ્યા છે. કુમારપાળ દેસાઈના બે પુસ્તકો સૌને પ્રસાદમાં અપાવે છે.

આવકારતા દર્દીનારાયણના બાળસ્વરૂપનાં દર્શન હૃદયને હચમચાવી નાંખે. પણ વિદાય વખતે તેમની પ્રસન્નતા-માતાપિતાની હાશ. અને પૂ.માનો પ્રસાદથી બાળદર્દીના આનંદનું દર્શન કરતાં હૃદય આનંદ અનુભવે.

જયપુરના સેવકની કાર્યનિષ્ઠાના અનેક પ્રસંગો છે. એક પ્રસંગના સાક્ષી બનવાનું બન્યું. ૩૫ થી ૪૦ વર્ષની યુવાન

બેનનો સડેલો પગ સાથળ સુધી કાપી નાંખેલો હતો. તેને કેલિપર્સ પહેરાવો હતો. ખૂબ મુશ્કેલ કામ હતું બીજા એકબેનની મદદથી પહેરાવ્યો. ચાલ્યા પછી ખૂંચતું હતું અને બેલ્ટ પેટ ઉપર આવતો હતો ત્યાં ઓપરેશનના ટાંકા હતા ખૂબ તકલીફ હતી. મુખ્ય કાર્યકરભાઈને વાત કરી તરત જ તે બેનને સેવકોના રૂમમાં લઈ ગયા. કેલિપર્સને કાપી મોટો કર્યો. બેલ્ટને પણ મોટો કર્યો. તે જાતે આવ્યા. તે બેનને કેલિપર્સ પહેરાવવામાં અમને મદદ કરી. પછી બેન સારી રીતે ચાલી શક્યાં. અગત્યની વાત એ હતી કે બે વ્યક્તિ પાસે તે માટે જવું પડ્યું બંને કાર્યકરો ખૂબ વ્યસ્ત હતા. છતાં દસ મિનિટમાં કાર્ય પૂર્ણ કર્યું. તે કાર્યકરોને ખૂબ ખૂબ ધન્યવાદ.

પૂ.માને બાળકની કેટલી ચિંતા ! ભવિષ્યમાં કાંઈ તકલીફ થાય તો શું કરે ? એટલે પૂ.માએ સ્વર્ગારોહણ અને જયપુરફૂટના એડ્રેસ અને ફોન નંબરની નાની સ્ટીકર તરત જ તૈયાર કરાવી દરેક દર્દીને તેની પૂરી સમજ આપી કે ભવિષ્યમાં કાંઈપણ તકલીફ થાય તો ત્યાં જ જો મફત સેવા અપાશે. સ્વર્ગારોહણ આવશો તો પણ બધી વ્યવસ્થા અમે કરીશું. આદિથી અંત સુધી જીવોને સાંભળવાનું પૂ.માનું કામ હરેક સ્થળે અને હરકાળે અવિરત ચાલુ હોય છે.

એ 'મા'નાં શ્રી ચરણોમાં શત શત વંદન !

સ્વર્ગારોહણતીર્થ ભૂમિને પ્રણામ !

તેની રજ ને મસ્તકે ધારણ કરી ધન્ય બનીએ.

**–શ્રી મંજુલાબહેન ભાવસાર**



# ॥ 'સ્વર્ગારોહણ'નો અનોખો સેવાયજ્ઞ ॥

પૂ. શ્રી ગુરુભગવંતના અનુગ્રહ અને પૂ. શ્રી મા સર્વેશ્વરીના આશીર્વાદથી તેમની વિશેષ ઉપસ્થિતિમાં સ્વર્ગારોહણ તીર્થ દ્વારા સમાજના દિવ્યાંગ ભાઇબહેનો માટે તેમના હાથ–પગ જેવાં અતિમહત્ત્વના અંગોની ક્ષતિપૂર્તિના ઉમદા ઉદ્દેશથી જયપુર ફૂટ માટેના સેવાયજ્ઞનું આયોજન થયું.

આ સેવાયજ્ઞમાં દિવ્યાંગોને નિઃશુલ્ક તેમની જરૂરિયાત પ્રમાણેનાં સાધનો ઉપલબ્ધ બની રહે તે માટે પૂ. શ્રી 'મા'– પ્રભુમાં અનન્ય શ્રદ્ધાભક્તિ ધરાવતા સાધકભક્ત શ્રી મંજુલાબેન ભાવસારે પોતાની શુભ લક્ષ્મીનો સહયોગ ધર્યો.

શ્રી હરિની યોજના અનુસાર જયપુરની વિશ્વવિખ્યાત સંસ્થા 'શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ' દ્વારા કેટલાક નિષ્ઠાવાન પસંદ કરાયેલા સેવકોની ટીમ સ્વર્ગારોહણ આવી.

તા. ૧૩ માર્ચથી ૧૮ માર્ચ દરમિયાન આ સેવાયજ્ઞના આયોજન માટે અગાઉથી રજિસ્ટ્રેશનો નોંધાયાં હતાં. સ્વર્ગારોહણ તીર્થનો જયપુરની સંસ્થાના સહયોગ સાથે આ ચોથો કેમ્પ હતો. આ સેવાયજ્ઞની વિશેષતા એ હતી કે કોઇ જ પ્રચાર માધ્યમ, ન્યુઝપેપર કે ટી. વી.ની જાહેરાત જેવી કોઇપણ દોડાદોડીની જરૂર જ ઊભી ના થઇ.

સ્વર્ગારોહણના મધ્યે ઉપસ્થિત પૂ.શ્રીનું દિવ્ય સ્વરૂપ જ જાણે સૌ જરૂરિયાતવાળા ભાઇ–બહેનોને શોધીને સ્વર્ગારોહણ

પહોંચાડતું હોય એવું અનુભવ્યું. અને એટલે જ સૌરાષ્ટ્ર, કચ્છ, સમગ્ર ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, રાજસ્થાન વગેરેના અનેક ગામોમાંથી સૌ સ્વર્ગારોહણને શોધતા આવી પહોંચ્યા.

પૂ. શ્રી 'મા' દ્વારા પ્રસ્થાપિત કરાયેલી સેવાપ્રણાલીની સુગંધ સમગ્ર ગુજરાતમાં પ્રસરતી રહી છે અને એની સુવાસ સૌ જરૂરિયાતમંદને સ્વર્ગારોહણ દોરી લાવતી રહી.

પ્રથમ ત્રણ દિવસમાં જ ૨૦૦ દિવ્યાંગોને સેવા પ્રદાન કરવાનો લક્ષ્યાંક પૂર્ણ થઇ ગયો. પરંતુ અર્પિતાબેનના આંતરમનમાં આ કેમ્પમાં સેવા ધરવાની ભાવના પ્રભુએ જાણે પૂરી કરી. અને બાકીના ત્રણ દિવસ દરમિયાન શ્રી હરિએ બન્ને બેનોનો સહયોગ સ્વીકાર્યો.

સ્વર્ગારોહણનો વસંતવર્ગ પણ ત્રણ દિવસ માટે સેવામાં જોડાઇ ગયો. સૌના પારસ્પરિક સહયોગ તેમજ આવનાર સ્વજનો પ્રત્યેના પ્રેમયુક્ત વ્યવહારથી આ સેવાકાર્યમાં જોડાયેલાં નાનાં—મોટાં સૌએ કૃતાર્થતા અનુભવી.

જેમણે જીવનમાં પહેલી જ વાર જયપુર ફૂટ કે કેલિપર્સનો ઉપયોગ કરવાનો હોય તે સૌ માનસિક ભયયુક્ત હોય તે સ્વાભાવિક છે. તેમને પ્રોત્સાહિત કરવા સુંદર ડી.વી.ડી.નું દર્શન શ્રી દીપકભાઇ મહેતા સાથે યુવાટીમે કરાવ્યું. જેથી આવનાર દિવ્યાંગો દૃઢ મનોબળ અને આત્મવિશ્વાસ કેળવી શક્યા.

અહીં આવનાર પ્રત્યેક દિવ્યાંગને પૂ. શ્રી 'મા'એ તીર્થના વિશેષ પ્રસાદરૂપે ચોરસા, ટુવાલ, છત્રી, ચવાણું, તેમજ ચીકીનો પ્રસાદ આપ્યો. તો તેમનાં થયેલાં નાના-મોટા ખર્ચનું ધ્યાન રાખી



લક્ષ્મીજીનો પ્રસાદ પણ તેમને અપાયો.

'અમારા વર્ષોથી ચાલતા આવા સેવાકાર્યો માટે અને અનેક સંસ્થાઓમાં ગયા છીએ પરંતુ 'સ્વર્ગારોહણ'ના મંચ જેવી પ્રેમસભર સંભાળ અમે આજસુધી ક્યાંય અનુભવી નથી.'— આવા ઉદ્‌ગારો સાથે જયપુર ફૂટકેમ્પના ત્રણ મુખ્ય સૂત્રધારોએ જે રીતે 'સ્વર્ગારોહણ'ને વધાવ્યું તે પૂ. શ્રી 'મા'ની કરુણાને જ આભારી છે.

**—શ્રી સુકૃતિ જાની**

## ॥ ચાલો, એકાદ નોટ કોઈને શોધી આપીએ ॥

આસ્થાની સોની નોટ ખોવાઈ ગઈ તેણે પાડોશમાં પૂછ્યું; અનેક પાડોશીઓ આવ્યા.

સૌજન્યા : આ નોટ મારા દરવાજે પડેલી.

નિષ્ઠા : આ નોટ મને પાર્કિંગમાં જડી.

સંવેદના : મારા દાદરના ખૂણે આ નોટ પડેલી.

મૈત્રી : આપણે છૂટાં પડ્યાં પછી મને મળી.

—આ જ રીતે પવિત્રા, ચાહના, હેતા, પ્રાર્થના, સાંત્વના આવ્યાં હોત ! પણ આસ્થાએ સૌને એક જ ઉત્તર આપ્યો. 'નોટ મારા ઘરમાંથી જ પલંગ નીચેથી મળી ગઈ.'

પણ આ રીતે આસ્થાને 'સ્નેહની પ્રોમિસરી નોટ' મળી ગઈ. આટલી બધી નિઃસ્વાર્થ મૈત્રી અનુભવવા મળી. સંબંધ ન હોય તોયે 'માનવીય નિસ્બત' અનિવાર્ય છે.

બધામાં વિખરાઈ-વહેંચાઈ જવામાં જ આપણે આપણને પામતા હોઈએ છીએ.

## ॥ શરણાગતવત્સલ શ્રીપ્રભુ ॥

હું પણ પ્રેમી જીવનનો ચાહક, અંતતોગત્વા મંઝિલે પણ પ્રેમ....સાધન પણ ચાહત.... અને પ્રેમી મળ્યો....પણ પ્રેમની વિવિધ દૈવી અવસ્થાઓનું રસપાન અને પરમ દૈવી પ્રેમની ઐક્યતાએ આસીન થવાનું. એટલે કે પ્રેમનું જ્ઞાનમાં રૂપાંતરણ થવાનું શેષ હોઇ....આ બાળકને પ્રેમારાધન પંથે ચાલવાનું શેષ હતું....જાણે એ માટે જ પ્રભુ શ્રી યોગેશ્વરજીએ સાધના શિબિરમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું.

આ જ્ઞાનયુક્ત પ્રેમની મંઝિલે પહોંચવા અન્ય સાધકોની જેમ વિષમ સંજોગોમાંથી અનેક પ્રકારે પસાર થવું પડ્યું. દેહની રોગીષ્ઠતા, જડતા, મનની તરંગી કલ્પનાઓ, બુદ્ધિની વિપરીતતા, અભિમાનની હઠતા, પ્રાણની નિમ્ન સ્તરની ગતિ, પૂર્વ સંસ્કારોની ટેવો વગેરે. આવા અનેક નાનાં મોટાં વિઘ્નો આવતાં રહ્યાં, મથામણો થતી રહી. છતાં હારની દરેક કગારે જીત પણ થતી રહી. જ્યાં બીજા સાધકો થાકી જાય, ક્યારેક સાધના પણ છોડી દે તેવી વિકટ પરિસ્થિતિમાં અકળ રીતે મદદ મળતી રહી અને આશ્ચર્ય પ્રકટાવતી સાધનાની નાવ સુરક્ષિત ચાલતી રહી....ખૂબ મોડા મોડા સમજાયું કે મારી જીવનનાવનું સુકાન મારી જાણ બહાર પ્રાર્થના પણ કર્યા વિના સમર્પણ કરું એ પહેલાં જ સામેથી ચાલીને સંભાળી લીધું હતું. અત્યારે સમજાય છે કે એ સમયે થનારી દૈવી અનુભૂતિઓ તથા તન, મન, પ્રાણમાં પ્રકટતો આનંદ એના ફલસ્વરૂપ સમજ તથા સ્વભાવનું



પરિવર્તન એ એના દૈવીશક્તિરૂપી હાથોમાં લગામ હતી તેનું પરિણામ હતું.

એ પરમ પ્રેમીએ આ બાળક માટે જે કાંઇ જરૂરી હતું તે બળ પ્રદાન કર્યું. આવશ્યકતા જણાઇ ત્યાં અનુભૂતિઓ કરાવીને અધ્યાત્મવિરોધી ગ્રંથિઓ ભેદીને અધ્યાત્મનો સાચો દર્શનાર્થી, પરમ સત્યસ્વરૂપની અનુભૂતિને યોગ્ય બનાવ્યો.

શ્રી યોગેશ્વર પ્રભુએ મારા જેવા સાધના શિબિરથી અજાણ–અબોધ બાળકને શિબિરમાં આમંત્રિત કરતાં કહ્યું હતું–'આપણી નડિયાદમાં (તા. ૨૦–૩–૧૯૭૫ થી ૨૬–૩–૧૯૭૫) ધ્યાનસાધના શિબિર છે.' (પોતાના જાણતા હોય તેમ કહ્યું.) તમે આવજો, તમને ગમશે, આનંદ આવશે....આ શબ્દોમાં પૂ. શ્રીનો કરુણાસભર, નિષ્કામ પ્રેમભાવ હતો. એથી તો આ શબ્દોનો ઘોષ અંતરના અંતરતમ સુધી પહોંચ્યો અને શિબિરમાં જવાની લગન લાગી. અદમ્ય આકર્ષણ અને ગણિત વગરનો એક જ ભાવ પ્રકટતો હતો ''શિબિરમાં જવું જ છે.''

મારે શિબિરમાં જવાનો સમય આવ્યો. પણ જવાના ખર્ચની વ્યવસ્થા ના કરી શક્યો. મુંબઇમાં જે હીરાના કારખાનામાં કામ કરતો હતો (વ્યાપાર ભુવન મસ્જિદ બંદર, મુંબઇ સેન્ટ્રલ)–તે શેઠને ૧૦૦ રૂા. માટે કહ્યું પણ ખરું, તેમણે જણાવ્યું ધંધામાં મોટું નુકશાન કર્યું છે (દેવાળું કાઢ્યું છે) તમે જાણો જ છો કે લેણદારો બધાની સામે જ જેમતેમ બોલે, અપમાનીત કરે છે...એટલે પૈસા છે જ નહીં. શું કરું? મને શિબિરમાં જવાનો ભારે ઉમંગ હતો અને આશા હતી કે ૧૦૦ રૂા. તો શેઠ આપશે જ એટલે આઘાત

પણ ભારે લાગ્યો. ક્ષણભર થયું કે જે શેઠને એમના દુઃખદ સમયે ઘણા બધા કારીગરો છોડીને ચાલ્યા ગયા છતાં આપણે મદદરૂપ થવાની ભાવનાથી પોતાનું નુકશાન કરીને પણ કારખાનું છોડ્યું નથી. છતાં ૧૦૦ રૂા. માટે ના કહે છે. હવે આ શેઠને કહેવું જ નથી.

શિબિરમાં જવાનો દિવસ ૧૮–૩–૧૯૭૫ આવ્યો છતાં પૈસા ના મળ્યા. છેવટે અમારા ગામના એક સજ્જન શ્રી કેવારામ પ્રજાપતિ યાદ આવ્યા. તેઓ પૈસા આપી શકશે. એ ભાવનાથી એમની દુકાને (ખેતવાડી મુંબઇ સેન્ટ્રલ) ગયા. બે કલાક ત્યાં બેઠા ઘણી વાતો થઇ પણ પૈસા માટે વાત ના થઇ શકી. છેવટે તેમણે કહ્યું તમે ક્યારેય ધંધાના સમયે આવ્યા નથી. આજે કોઇ કામથી આવ્યા, મારાથી સહજ બોલાઇ ગયું. ધ્યાન સાધના શિબિરમાં નડિયાદ જવાનું છે એટલે રેલ્વેનો સમય જોવા ગયો હતો–અહીંથી પસાર થતાં, તમને મળવાનું મન થયું.'' આ વાત કરતાં જ એક નૂતન વિચાર પ્રકટ્યો. ''હવે ભગવાનને જ કહેવું.'' (કારણ કે મારા આ જીવનમાં પ્રભુ શ્રી યોગેશ્વરજીનું જે પ્રથમ પ્રવચન તેનું પ્રથમ વાક્ય સાંભળ્યું હતું તેનું સ્મરણ થયું–'ભક્ત માટે ભગવાન શું કરી શકે? અને પછી જે પ્રસંગ સાંભળ્યો–[એક યુવાન સાધક (પૂ. શ્રી યોગેશ્વરજી) માટે ભગવાન હિમાલયમાં ગામ પ્રકટાવે છે (પ્રકાશના પંથે)] આ સ્મરણ થતાં જ એ ભાઇની વિદાય લઇ શ્રી રાધાકૃષ્ણના મંદિરે (કાનબાઇની વાડી સી. પી. ટેન્ક–મુંબઇ સેન્ટ્રલ) આવ્યો. અહીં રોજ રાત્રે નિયમિત ૮.૩૦ થી ૧૦.૩૦ ભજનસંકીર્તન થતાં.



તેમાં રોજ આવવાનું બનતું. અહીં શ્રીકૃષ્ણ ભગવાનનો મૂર્તિમાં ભાવ બંધાયો હતો. એથી અહીં જ ભગવાનને કહેવાનું ઉચિત જાણ્યું. મંદિરમાં પહોંચતાં જ દર્શન થયાં. પ્રણામ કરી સહજતાથી જે તે સમયેના ભાવ અને ભાષામાં કાંઈક આવી પ્રાર્થના કરી. ''પ્રભુ મારે શિબિરમાં જવું છે. અને પૈસા નથી. શેઠ પાસે ૧૦૦ રૂ/– માંગ્યા પણ દુઃખદ ના કહી. બીજાઓ પાસે માગવાનું મન થતું નથી. એટલે આપની પાસે આવ્યો છું. આપ મને મદદ કરશો એ આશાથી આવ્યો છું. તમે હિમાલયના જંગલોમાં અંધારી રાતે એક ભક્ત (પૂ.શ્રી યોગેશ્વરજી) માટે ગામ વસાવ્યું હતું. શ્રી મીરાંબાઈ માટે ભર ઉનાળાની તપ્ત ''લૂ''ની આગમાં આપે વરસાદ વરસાવ્યો. તળાવો ભર્યાં હતાં. આવા તો ભક્તો માટે અગણિત કાર્યો કર્યાં છે. ''મારે તો ફક્ત ૧૦૦ રૂ/– શિબિરમાં જવા માટે જોઈએ છે. પ્રભુ ગામડે (પિથાપુરા-(મન્ડાર) સિરોહી રાજ સ્થાન.)થી પિતાજીનો પત્ર આવ્યો છે.'' ઓઈલ ઍન્જિન, ઓઈલના ડ્રમો અને અન્ય સામાન બળી ગયો છે. અને ખેતી સૂકાય છે. તો એ માટે પિતાજીએ પણ પૈસા મંગાવ્યા છે. છતાં એ માટે આપને નથી કહેતો. ફક્ત શિબિર માટે પૈસાની વ્યવસ્થા કરી આપો. [એ સમયે યોગ્યતાની સમજણ ન હતી. છતાં અંતરમાં અધિકાર ભાવ હતો.] એથી જ કહેલું એ ભક્ત (પૂ.શ્રી યોગેશ્વરજી) અને શ્રી મીરાંબાઈ ને સમજી શકું એમ નથી. હું ફક્ત એટલું જ જાણું છું કે ''તમારા પ્રત્યે પ્રેમાભિમુખ એવું ભોળું બાળક છું. તમે મારી આ અભિમુખતાનો ઈન્કાર કરી શકો એમ નથી. જેમ એક

બાળક પોતાની બધી જ કામના માતા પિતાને કહે. એ જ રીતે તમારી પાસે આવ્યો છું. હે પ્રભુ-પૂ.શ્રી યોગેશ્વરજી એ આમંત્રણ આપ્યું છે અને મારે જવાનું છે. આ રીતની પ્રાર્થના કરી પ્રણામ કર્યાં. (પ્રાર્થના શિબિરમાં પ્રત્યુત્તરરૂપ કાંઈ જ આશ્વાસનનો અણસાર ના મળ્યો.)-બજારમાં આવ્યો અને ૩૦ રૂા/– હતા. તેનાથી સામાનની (શ્રી વિશ્વનાથભાઈના જણાવ્યા પ્રમાણે) ખરીદી કરી. (આસન, તાંબાનો લોટો, શ્રીમદ્ ભગવદ્ગીતા, ટોર્ચ વગેરે..) પણ મનમાં સંશય હતો કે જવાશે નહીં. (ક્યાં શ્રદ્ધા હતી કે પ્રભુને કહ્યું છે તો તેઓશ્રી વ્યવસ્થા કરશે જ.) જવાશે. નહીં જવાયના વમળોમાં અટવાતો સાંજના કારખાને આવ્યો. સામાન મૂક્યો. ત્યાં જ મેનેજર બોલાવ્યો.'' વિજયભાઈ અહીં આવો. ત્યાં ગયા તેઓ કહે શેઠને પૈસા માટે કહેલું જવાબ આપ્યો. શું કહું ફક્ત ૧૦૦ રૂા/– માંગ્યા તાં પણ ના કહી મેનેજર ગેલેરીમાં લઈ ગયા. કહે ''કોઈને કહેતા નહીં. શેઠે ફક્ત તમારા માટે જ ૨૦૦ રૂા/– આપ્યા છે.'' પૈસા લઈ લીધા ને મારી ખુશીનો પાર ના રહ્યો. શિબિરમાં જવાનો જે ઉમંગ હતો તેણે પૈસા મળતાં જ હૃદયને ભાવના હિલોળે ચઢાવ્યું. સંયમ ના રાખી શકાયો. અને ખૂબ નાચ્યો. આ જોઈને એક મરાઠીભાઈએ કહ્યું. અરે કાય ઝાલા ? (અરે શું થયું ?) ચસકલા કાયે ? (ચસકી ગયું છે ?) જવાબ આપ્યો. એ ભાઈ મી કસાલા સાંગુ ? (હું કઈ રીતે સમજાવું ?) આતાય ઠિકાણે પડલેલા આહે. (અત્યારે જ મગજ ઠેકાણે આવ્યું છે.)

અહીં થોડુંક વિચારીએ. શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ સમક્ષ



પ્રાર્થના કરવામાં આવી હતી, અને મૂર્તિસ્વરૂપ ભગવાને શીઘ્ર પ્રત્યુત્તર આપી, શરણાગત પ્રત્યે પોતાનો પ્રેમ દર્શાવ્યો. ૧૦૦ રૂા/– માંગ્યા અને પ્રભુએ ૨૦૦ રૂા/– અપાવી જણાવ્યું કે, 'તારું મને ધ્યાન છે. તારી વાતને સાંભળું છું. તું જેવો છે તેવો મારો છે. તું મને ચાહે એના કરતાં અનેક ઘણું હું તને ચાહું છું.' તું મારી પ્રેમભરી નજરોમાં છે. (પ્રભુ એમ કહે છે-શરણાગતે નિશ્ચિંત રહેવું.)

હે સર્વકાળ-સહાયક પ્રણામ ! જય કૃપાળુ 'મા' !

—'બાપજી'

'સત્સંગનો અર્થ જે પહોંચી ગયું છે કે પહોંચવાની તૈયારીમાં છે; એની પાસે વિચાર્યા વિના બેસી જજો. કેમકે તમે જ્યારે વિચારો છો તો તમારી અને એની વચ્ચે દીવાલ ખડી થઈ જાય છે. જ્યારે તમે નથી વિચારતા ત્યારે વચ્ચેની દીવાલ પડી જાય છે; અને જે પરમ ભક્તને મળ્યું છે તે તમારામાં પણ ખળખળ વહેવા માંડે છે. એની ધારા તમારી પાસે આવવા લાગે છે. એ ધીરેધીરે પોતાને તમારામાં ઠાલવી દે છે. એ સત્સંગ ! એ જ પ્રભુપ્રેમ !'

## ॥ પ્રભુકૃપા ॥

પ્રભુકૃપાએ શિબિરમાં જવાના પૈસા મળ્યા, એની ખુશીમાં ખૂબ નાચ્યો. એ ખુશીમાં સામાન તૈયાર કરી તા.૧૮/૦૩/૧૯૭૫ની રાત્રે મુંબઈ સેન્ટ્રલ થી લગભગ ૮ા ક. રવાના રેલ્વેમાં નડિયાદ જવા જવા રવાના થયા. સુવા માટેની સીટ વિના આરક્ષણે મળી. સામાન મૂકીને બેઠા. રેલ્વે સમય પર રવાના થઈ બોરીવલી સ્ટેશન પસાર કર્યું ને, યાત્રીઓએ નિદ્રા દેવીની સુખદ સન્નિધિનો લાભ લેવા યથાસ્થાન ગ્રહણ કર્યું. આ બાળકને ઉંઘ આવતી ન હતી. શિબિરની પત્રિકા લીધી અને કાર્યક્રમ વાંચી જોયો. પ્રાર્થના, ધ્યાન, આસનો, પ્રાણાયામ વગેરે. વાંચીને વિચારો આવ્યા. આ બધું તો હું જાણતો નથી. કેવી રીતે થશે ? ફાવશે નહીં. શિબિરમાં ક્યારેય ગયા નથી. અરે ક્યારેય જોઈ નથી, કે આ વિશે સાંભળ્યું પણ નથી. તો આ બધું કેવી રીતે કરાશે ? બધા કરતા હશે અને આપણે બાઘાની જેમ ઉભા હોઈશું, ખોટી રીતે કરતા હોઈશું. ત્યારે લોકો આપણા પર હસશે, મજાક ઉડાવશે. આપણું અપમાન થશે.

ત્યાં આપણે કોઈને ઓળખતા નથી કે જે હમદર્દીથી આપણને શિખવાડે. પૂ.શ્રી યોગેશ્વરજીનો પણ પરિચય લૌકિક રીતે નથી. એઓશ્રીએ આમંત્રણ તો આપ્યું. પણ ઘણા માણસોમાં ભૂલી ગયા હશે. તો મારે અપમાનિત થવા ના જવું જોઈએ.

હું મિથ્યાભિમાનના ઊંચા આસને બિરાજમાન હોવાથી, અપમાનની લાગણી પણ અતિતીવ્ર હતી. રેલ્વે કરતાં કાલ્પનિક



વિચારોની ગતિ ઘણી તેજ હતી. બધા જ યાત્રી નિદ્રાદેવીના પરમ સુખમાં હતા. આ બાળકને એ સનાતન પ્રેમીની કૃપાથી સુવાની સીટ મળી. પણ અહંકારી હું એની કાલ્પનિક દુનિયામાં, શિબિરમાં જવું ના જવું ના વિચારોમાં ચિંતામગ્ન બેઠો હતો. અપમાનના વિચારો સિવાય બધું જ ભુલાઈ ગયું હતું. સનાતન પ્રેમીનું સ્મરણ, પ્રાર્થના વિસ્મૃત થયા હતા. વન-વે-ની જેમ એક જ રટણ ચાલતું હતું. મારું અપમાન મારું અપમાન-[માણસમાં ઘણી બધી વૃત્તિઓ છે, કે સંજોગો મળતાં અતિ તીવ્ર પણે અંતરમાં ઉભરાઈ આવતી હોય છે. જેના પર સંયમ કરવો સામાન્ય માણસ માટે મુશ્કેલ થઈ પડે છે.]

સમયની સાથે રેલ્વે વલસાડ પહોંચી, વલસાડ પસાર થયું અને શિબિરમાં નહીં જવાનો નિર્ણય લેવાયો. ''સુરત ઉતરી જવું અને પાછા મુંબઈ જવું.''

**નોંધ–**શિબિરમાં નહીં જવાના વિચારની પાછળ કેટલાક કારણો હતા. જે અત્યારે સમજાય છે :

(૧) એ સમયે જે લોકો સાથે રહેવાનું અને કામધંધો કરતા હતા તે અણઘડ યુવાવર્ગ હતો, એ સંપૂર્ણ સ્વચ્છંદી અને ક્ષુદ્ર બુદ્ધિના હતા. દારુ-અભક્ષ, કુમાર્ગનો ભોગ કરવામાં મોટાઈ માનતા. -ઝગડા કરવા, મજાક મસ્તી અપમાન કરવામાં ગૌરવ ગણતાં-ટૂંકમાં કુલક્ષણો વિશેષ હતા. ફક્ત મનોરંજનની ક્ષુદ્ર અવસ્થામાં જ જીવવું-ત્યાં એથી બીજો વિચાર કે વાતો ભાગ્યે જ થતી. એટલે શિબિરમાં પણ આવા માણસો જ હશે. એ ગ્રંથિ હતી.

(૨) શિબિરમાં પ્રથમ વખત જવાનું હતું. તેથી ત્યાનાં

માણસો, પ્રવૃત્તિ, વાતાવરણની જાણ ન હતી.

(૩) શિબિરમાં મારી ઈચ્છાથી, યોજનાથી કે તૈયારીપૂર્વક નહીં પણ સનાતન પ્રેમીની યોજનારૂપે પ્રભુ શ્રી યોગેશ્વરજીના આમંત્રણ અને દૈવી આકર્ષણથી ખેંચાઈ ને જઈ રહ્યો હતો.

નહીં જવાનો નિર્ણય તો લેવાયો, જવું ના જવું ના સંઘર્ષનો અંત આવ્યો. પણ ધીરે ધીરેથી અંતરમાં નિરાશા પ્રકટી. અભિમાનના નિર્ણયને જાણે અંતરાત્માએ અસ્વીકાર કર્યો-દુઃખ પ્રકટ કર્યું. આ મનોવ્યથાની પળોમાં એ સનાતન પ્રેમીએ, અપ્રાર્થીય, અપૂર્વ, અકલ્પનીય, અવિસ્મરણીય પરમ અનુગ્રહ કર્યો. અચાનક રેલ્વેના ડબ્બામાં ચાલવાના પેસેજમાં, મારી ખુલ્લી આંખોની સામે, મારા જીવનને કૃતાર્થ કરનારું ધીમેથી એક દૃશ્ય પ્રકટ્યું. જે દર્શનીય બન્યું. "નીલ પ્રકાશ જે ઝાંખો અને શાંત હતો ધીમે થી પ્રકટતો રહ્યો, એ સૌમ્ય પ્રકાશમાં કોઈ મહાપુરુષ પલાંઠી વાળીને બેઠા હતા. મુખમંડળ શાંત અનો કોઈક દિવ્ય ભાવમાં સ્થિત હતું. કરુણ અને પ્રેમથી આ અભિમાની બાળકને જોતા હતા."

એ અહંકારી 'હું'ને એમણે એવો આકર્ષિત કર્યો કે એ સૌમ્ય મુખમંડળમાં જ મન્ત્ર બનીને એ દર્શન જ કર્યા કર્યું. દર્શન સિવાયનું, જોવું, સાંભળવું, મનના તરંગો, બુદ્ધિની સક્રિયતા બધું જ છૂટી ગયું હતું. આ સ્થિતિ કેટલો સમય રહી તે ખ્યાલ ન રહ્યો. ધીમેથી બુદ્ધિ સક્રિય થઈ. ખ્યાલ આવ્યો એ પરમ ભગવદ્ સ્વરૂપ સુખાસનમાં બેઠા છે. મસ્તક ઉઘાડું છે. હલ્કી નાની દાઢી છે. ફક્ત ધોતી પહેરી છે. તે પણ ઘુંટણ સુધી જ છે. આ દર્શન ને માણતાં હતાં ત્યાં બુદ્ધિ સક્રિય થઈ અને વિચાર આવ્યો. આ



કોણ છે. અને દર્શન ધીમેથી અદૃશ્ય થયું. એ મહાપુરુષ અને એ નીલ પ્રકાશ બન્ને નજર સમક્ષ ન હતા. પણ અંતરમાં વસી રહ્યા. એ પરમ કૃપાળુને ઓળખવા ઘણા પ્રયત્નો થયા. કોણ હશે, કોણ હશે. અંતે સ્મૃતિ થઈ કે નાનપણમાં સ્વામી વિવેકાનંદજીનો પાઠ ભણવામાં આવતો તેમાં આ સ્વરૂપ હતું. આ શ્રી રામકૃષ્ણ પરમહંસ છે.

શ્રીઠાકુરના આ દર્શને પ્રશાંતિ ધરી, નહીં જવાનો નિર્ણય નિરાશા, વ્યથા બધાં હરી લીધા. અંતર ઠાકુરના સ્મરણમાં હતું અને નિદ્રાદેવીએ પણ કૃપા કરી અને નિદ્રાધીન થયા.

નોંધ—[શ્રી રામકૃષ્ણનું દર્શન થયું ત્યારે એ સમજ ન હતી કે એઓશ્રી પરમાત્માના પ્રકટ સ્વરૂપ છે. અને પૂ.શ્રી યોગેશ્વર પ્રભુજી રૂપે પણ એ જ પ્રકટ્યા છે. આ હકીકત પાછળ થી સન્ ૨૪/૧૨/૧૯૭૭ના રોજ 'પ્રકાશના પંથે' પ્રકટ થયું. તેમાં વાંચ્યું ત્યારે જ ખબર પડી-નવી સમજમાંથી-કે પરમાત્માની લીલાને સમજવા કોઈ સમર્થ નથી.]

જ્યારે જાગ્યા ત્યારે રેલ્વે કોઈક સ્ટેશને ઊભી હતી. પૂછ્યું. કયું સ્ટેશન છે ? સામે બેઠેલા ભાઈએ કહ્યું. નડિયાદ..કહેવાય ગયું..ઓહ ! મારે ઉતરવાનું છે. તેમણે કહ્યું-'તરત ઉતરો ગાડી ક્યારની ઊભી છે, રવાના થશે.' ઉતાવળે થેલો ને ચટાઈ લઈ ઉતરી ગયા. સામેના બાંકડા પર સામાન મૂક્યો ને ગાડી રવાના થઈ. આ બાળક માટે જ જાણે પ્રભુએ રોકી રાખી હતી. થયું ઓહ ! સારું થયું જાગ્યો. નહિતર અમદાવાદ પહોંચી જાત. હજુ અંધારું હતું. શિબિર સ્થળે (શ્રી સંત રામ મંદિર) જવાને વહેલું હોવાથી સ્ટેશન પર જ વિશ્રામ કર્યો.

આ સનાતન પ્રેમીના પરમાનુગ્રહને વાગોળવાનું મન થાય છે.

પ્રભુ આપના એ અનુગ્રહને ત્યારે તો સમજી શક્યા નથી. પણ અત્યારે અલ્પાંશે સમજાયું.

(૧) ત્યારે આ બાળકને ન તો ભક્તિની સમજ, ન તમને મળવાની રીત-ભાતની ખબર, શરણાગતિનું નામ પણ જાણતો ન હતો. તમારી સાથે સતત પ્રેમસંબંધ જાળવવાની ત્રેવડ પણ ન હતી. અરે સ્મરણની ભાવના પણ ક્યાં હતી? અને છતાં તમે અકલ્પનીય-કૃપા વર્ષા કરી.

(૨) વિષયી-વિલાસી જીવો વચ્ચે રહેવા છતાં સુરક્ષિત રાખી સુપંથે ચલાવી. આપશ્રી પ્રત્યે અભિમુખતા ટકાવી રાખી.

(૩) કેટલી સહજ આત્મીયતાથી પોતાનો જાણી શિબિરનું આમંત્રણ આપ્યું.

(૪) કેવી અદ્‌ભુત રીતે પૈસાની વ્યવસ્થા કરી આપી.

(૫) અભિમાને ઊભી કરેલી અભેદ્ય જંજાળને દૈવી દર્શન આપી, પરમ પ્રશાંતિ અર્પી.

(૬) સુરત ઉતરી જવાનું હતું, પણ સુરત આવે એ પહેલાં જ એ દિવ્ય દર્શનના સ્મરણમાં નિદ્રાધીન કર્યો. ક્યારે સુરત, ભરુચ, વડોદરા, આણંદ પસાર થયા ખબર પણ ના પડી, અને નડિયાદ આવતાં જ જગાડી દીધો.

આ બધું આપના વિના કોઈ કરી શકે એમ નથી.

હે પરમ પ્રિય-શાશ્વત પ્રેમ-જય કૃપાળુ ‘મા’

**—‘બાપજી’**



## ॥ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥

**અ**મેરિકન નવલકથાકાર વિલિયમ ફોકનરે કહ્યું છે કે ઉદાસ કરી મૂકે એવી એક વાત છે. કોઈ પણ માણસ દિવસમાં આઠ કલાક કામ ન કરી શકે. રોજ ને રોજ. આઠ કલાક સુધી આના સિવાય તમે કશું ન કરી શકો. આઠ કલાક ખાઈ ન શકો. આઠ કલાક પી ન શકો અને આઠ કલાક સુધી પ્રેમ ન કરી શકો.

માણસ પૃથ્વી પર આવ્યો. પછી એને એમ થાય કે મારે અહીં કશું કરવું જ નથી. માત્ર હરવું છે, ફરવું છે, પ્રકૃતિને માણવી છે. આ પરિસ્થિતિ કદાચ ઓલિયા ફકીર માટે સાચી પણ હોય. ગમે કે ન ગમે, પણ માણસે કામ તો કરવું જ પડે છે. જીવવા માટે, સંસારની જવાબદારી નિભાવવા માટે અને આ ઉપરાંત મુખ્ય વાત તો એ છે કે પોતાના મનના સંતોષ ખાતર પણ માણસે કામ તો કરવું જ પડે. માણસ જન્મે છે પછી એની પાસે જો કંઈ પણ હોય તો અઢળક સમય છે. એક ક્ષણ તમે વિચાર કરો કે જો કશું જ કરવાનું ન અને બધા જ આળસુ અને એદીની જેમ માત્ર પડ્યા જ રહે અને બગાસાં ખાધાં કરે તો એ જીવન કેટલું વસમું લાગે. આરામનો પણ થાક લાગે. કામ માણસના મનને એટલી હદે રોકી શકે કે એને સમય ક્યાં પસાર થાય છે એની ખબર જ નથી પડતી. કહેવત એમ ને એમ નથી આવતી. એમાં દુનિયાદારીનો નિચોડ હોય છે. નવરો બેઠો નખ્ખોદ વાળે. બીજાનું નખ્ખોદ એ પછીની વાત છે, પણ પહેલાં તો એ પોતાનું જ વાળતો હોય છે.

આપણે સાવ નાના હોઈએ ત્યારે આપણી આસપાસના માણસોને જોઈએ છીએ. મા વહેલી ઊઠીને રસોડામાં જાય છે.

પિતા પણ વહેલા વહેલા તૈયાર થઈને નોકરી કે ધંધે જાય છે. રમવાની ઉંમર હોય છે ત્યારે બાળક રમતું હોય છે. એ રમે છે એટલે એને ખબર નથી પડતી કે સમય ક્યાં જાય છે. ભલે રમત હોય, પણ રમવું એ બાળકનું કામ છે. બાળક સહેજ મોટું થાય છે. શાળામાં જાય છે. શાળાના સમયમાં એ અભ્યાસમાં રત હોય છે. એ સમય વીતી જાય છે. ખભા પર દફતરનો બોજો હોય છે. ઘરે આવે છે. હળવાશ અનુભવે છે. આવી હળવાશ શાળામાં ભણતાં ભણતાં રિસેસ વખતે એને મળે છે. રિસેસ અને વેકેશન એ કામ પણ જેટલાં જ મહત્ત્વનાં છે. રિસેસ અને વેકેશન માણી શકાય છે, કારણ કે તમે કામ કર્યું હોય છે એટલે. રવિવારની મજા જુદી જ હોય છે. ઘણીવાર તો એ શનિવાર સાંજથી મનમાં શરૂ થઈ જાય છે. રવિવારનો મહિમા સોમથી શનિ સુધી કામ કર્યું હોય એટલે છે.

જે માણસ કામમાં આનંદ નથી લઈ શકતો એ માણસ પોતે જ સ્વભાવશત્રુ છે. બહુ ઓછા નસીબદાર માણસો હશે કે જેમને ગમતું કામ મળે. એમ પણ કહેવાય છે કે ગમતું કામ ન મળે તો માણસે કામને ગમાડવું પડે. કામ એ અંદરની ગરજ છે અને બહારની ફરજ છે. કામ-કામની વચ્ચે પણ માણસને અવકાશ રાખતાં આવડતું જોઈએ. સહેજ પણ કામ ન કરવું એ જેમ એક અંતિમ છે તેમ માત્ર કામ કર્યા જ કરવું એ પણ એક અંતિમ છે.

કેટલાક લોકો કામને ટાળનારા હોય છે. કેટલાક લોકો એવા હોય છે કે આ બધું કામ મારે જ કરવું. એવા લોકોને પોતા સિવાય બીજા કોઈમાં રસ નથી હોતો. સેકન્ડ લાઈન ઊભી કરવામાં આ લોકો માનતા નથી. આવા લોકો પોતાના જ



વમળમાં અટવાયા કરે છે. એક ઉદ્યોગપતિએ એના ટેબલ પરની અઢળક ફાઈલો બતાવીને મને કહ્યું કે જુઓ, હજી આટલી બધી ફાઈલો તો જોવાની છે અને સહી કરવાની છે. પોતે બહુ બિઝી છે એવું પુરવાર કરવામાં એમને રસ છે. અનેક દિવસો સુધી અઢળક ફાઈલો પડી હોય અને એમને જોવાની પણ ફુરસદ ન હોય તો એ કાર્યક્ષમતા ન ગણાય. હું એવા માણસને ઈનએફિશન્ટ કહું. ગીતા બધાને જ માટે છે. એમાં એક સૂત્ર છે : 'યોગઃ કર્મસુ કૌશલમ્' જે કુશળ રીતે કામ પાર પાડે તેને જ કર્મયોગ પ્રાપ્ત થાય. મારા એક ઓળખીતા એવા છે કે સાંજ સુધીમાં ટેબલ પરની તમામ ફાઈલોનું નિરાકરણ કરી દે. મજાકમાં કહે કે હાશ, ટેબલ સાફ. વાસી કશું જ નહીં. રોજ ને રોજ ગરમ ભજિયાં.

કામ કરવું એ જેમ કળા છે તેમ કામ લેવું એ પણ એક કળા છે. મોટા ભાગના માણસો હાથ નીચે કામ કરનારા માણસોને માણસોની જેમ ટ્રીટ નથી કરતા. માલિકે સમજવું જોઈએ કે આ માણસ મારે ત્યાં નોકરી કરે છે તો એ નોકરીને નિમિત્તે પોતાના કુટુંબની જ સેવા કરે છે. માણસ તમારે ત્યાં નોકરી કરે એટલે એને સતત ઘોંચપરોણાં ન કરાય. સમજવું જોઈએ કે એ નોકરી કરે છે, ગુલામી નથી કરતો. કોઈક માણસ સારું કામ કરે અને તમારી પાસે એને કહેવા માટેના બે સારા શબ્દો ન હોય તો એ માણસનો ઉત્સાહ મંદ પડી જશે. હંમેશાં માલિકનો દોષ હોતો પણ નથી. ક્યારેક એવા માણસો નોકરીએ આવે છે જાણે આપણા પર ઉપકાર કરતા હોય. ઘરજમાઈ જેવા આ માણસો કામચોર અને રીઢા હોય છે. સમયસર આવતા નથી. આગળથી કોઈ પણ ઈશારો આપ્યા વિના વચ્ચે વચ્ચે રજા પર ઊતરી

જાય-જતા હોય છે. જેનું કોઈ પ્રૂફ નથી એવા રોગો એ વર્ણવે છે-માથું દુખે છે, પેટ દુખે છે. કેટલાક કામ કરતા પણ નથી અને કરવા દેતા પણ નથી. [કામ એ એકીસાથે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને છે. જે માણસ પ્રવૃત્તિમાં નિવૃત્તિ માણી શકે છે એ માણસ નિવૃત્ત થાય તોપણ નકામો નહીં થાય. એ કદી નિષ્ક્રિય નહીં થાય. એની પાસે એના પોતાના શોખ હશે. પછી એ સંગીત હોય કે બાગ-ઉછેર હોય કે અન્ય કંઈ પણ હોય. નવી નવી નોકરીએ ચઢેલા એક જુવાન માણસને મેં સહજ પૂછ્યું હતું કે તને આ નોકરીમાં કેવું લાગે છે ? એણે બહુ હૃદયસ્પર્શી જવાબ આપ્યો હતો-મને આ કામ એટલું બધું ગમે છે કે રવિવારે પણ ઑફિસમાં આવવાનું મન થાય છે.]

**—શ્રી સુરેશ દલાલરચિત**

**'મને શુભમાં શ્રદ્ધા છે'માંથી સાભાર**

શિષ્ય : પ્યાલા આટલા બધા નાજુક કેમ હોય છે ?
જરાક જેટલી ચૂક થાય તો તૂટી જાય.

ઝેન ગુરુ : પ્યાલા નાજુક નથી હોતા પણ કેટલાક હાથ બેધ્યાન હોય છે, તેથી પ્યાલા તૂટી જાય છે.

આપણા રોજિંદા જીવનમાં 'ચેતનાનું રોકાણ' નથી હોતું તેથી આપણે સતત કશુંક તોડ્યા કરીએ છીએ.



# ॥ પનામા યુવાધ્યાનશિબિર ॥

## ॥ ધરા ॥

કોટિ કોટિ પ્રણામ મારી મા, મારા શામળિયા શેઠ, મારા પ્રભુ, મારા માતા પિતા, મારા સાચા મિત્ર, મારા જીવન !

વાયુવેગે આ યુથશિબિરનો સમય ક્યાંય પસાર થઈ ગયો. હજુ હમણાં તો આપનાં દર્શન થયાં !! આપના સાંનિધ્યમાં હસતા, રમતા, શિખતા, શીખવતા સર્વસ્વ ભૂલી ''મા-મસ્તાની'' બનતાં બનતાં આ સમય ક્યાંય પસાર થઈ ગયો. આ શિબિરની એક એક ક્ષણ મેં પૂરા મનથી માણી છે. ઘર, પરિવાર જોબ, ભણવાનું કંઈ જ કે કોઈ જ યાદ આવ્યું નથી. કાલે જવાનું છે એ વિચારી મન ખૂબ જ અશાંત, વ્યાકુળ અને દુઃખી છે. એને તો એની ''મા'' પાસે જ રહેવું છે. ''નવા જન્મ'' સ્વરૂપી આ જીવનના પડાવમાં આપનું સાંનિધ્ય અને આપની અસીમ કૃપા જ શ્વાસ ભરી રહ્યાં.

પૂ.મા મને જ્ઞાન આપજો મને માર્ગદર્શન આપજો. મને શક્તિ આપજો, ભક્તિ આપજો તથા હંમેશાં આપના શ્રી ચરણોમાં સ્થાન આપજો. દુનિયાના કોઈપણ છેડે, કોઈપણ સ્થળે કે મકાનના કોઈપણ ઓરડામાં આપની ઉપસ્થિતિ તેને સ્વર્ગ બનાવી દે છે.

પનામા યુથ શિબિર ૨૦૧૮ નો આ ''વૈકુંઠવાસ'' અત્યંત આનંદમય, શાંતિમય રહ્યો. મનની શાંતિ તથા અપાર સંતુષ્ટિ પ્રસાદીસ્વરૂપે પામ્યા. ત્રણ ભાષાઓ (ગુજરાતી, અંગ્રેજી અને

સ્પેનીશ)ના ત્રિવેણી સંગમ સાથે પૂજ્ય મા પ્રભુની પવિત્ર જ્ઞાનગંગા, ભક્તિગંગા તથા શક્તિગંગાના વહેણ મળ્યાં. જેમાં હાજર દરેક યુવા-યુવતીઓએ પોત પોતાની ''પાત્રતા'' પ્રમાણે ડૂબકી મારી, ખોબા ભર્યા, અમીછાંટણાં પૂ.માએ ધર્યાં, અભિષેક કર્યો અથવા જળસમાધિ લીધી ! આ ''હાઈસ્કૂલ'' લેવલની શિબિરમાં આપ ભલે અમારી સાથે આખો દિવસ ના હોય પરંતુ તેમ છતાંય આપ અમારામાં ઓળઘોળ હતા. કેમ કરી કેટકેટલું પીરસી દઉં, અર્પી દઉં, પહેરાવી દઉં, સ્નાન કરાવી દઉં, ટપારી દઉં, સુધારી દઉં, ઉગારી લઉં, દર્શાવી દઉં, જેથી મારા બાલુડાંઓ વિવિધ માયાનગરીની દુનિયામાં પાછા જાય ત્યારે ''મા પરિવાર''ના બાળકની ઓળખને જાગૃત રીતે રક્ષી શકે તે માટે સંપૂર્ણપણે સુસજ્જ હોય !!

ત્રણેય યુવાશિબિરનો સરવાળો કરીએ તો સંપૂર્ણ સુખી તથા સંતુષ્ટ જીવન જીવવા, તથા પ્રભુના સાંનિધ્યની પ્રાપ્તિ માટે પ્રભુમાં, પોતાના ગુરુમાં તથા પોતાનામાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવા, તથા ''ધ્યાન'' રૂપી રથમાં સફર કરવી જે પરમાત્મામાં વિરાજેલા પરમેશ્વર સાથે આપણો ભેટો કરાવી શકે છે. ''મા'' આપને કોટિ કોટિ પ્રણામ. આપની રક્ષા અને પ્રેમની વર્ષામાં મારું જીવન સાચે જ સુરક્ષાની સંતોષકારક હાશ મેળવે છે. મારા જીવનની દરેક મુશ્કેલી, તકલીફો, દુઃખોમાં મારા એક પોકારે મારો ''શામળિયો શેઠ'' મને ઉગારવા દોડી આવે છે અથવા અપાર શક્તિના પ્રવાહથી મને સક્ષમ બનાવે છે કે હું એ મુશ્કેલીનો પૂરો સામનો કરી શકું.

પૂ.મા મને ક્ષમા કરજો આપનો અત્યંત, અત્યંત, અતિ આવશ્યક અને કિંમતી સમય હું લઈ રહી છું. મારા શબ્દોથી



પણ પૂ.મા હું શું કરું? કેટલું કરવું છે, તારો પ્રેમ, કૃપા, ઉપકારો અને કરુણા એટલા છે કે આ શ્લોક લખી કદાચ એને એક અંશે વ્યક્ત કરી શકું !

પૂ.મા મને ક્ષમા કરજો આપનો અત્યંત, અત્યંત, અતિ આવશ્યક અને કિંમતી સમય હું લઈ રહી છું. મારા શબ્દોથી પણ પૂ.મા હું શું કરું? કેટલું કરવું છે, તારો પ્રેમ, કૃપા, ઉપકારો અને કરુણા એટલા છે કે આ શ્લોક લખી કદાચ એને એક અંશે વ્યક્ત કરી શકું !

**असित गिरि समं स्यात् कज्जलं सिन्धु पात्रे सुर तरुवर शाखा लेखनी पत्रमुर्वी ।**

**लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं तदपि तव गुणानामीश पारं न याति ॥**

આપનો અપાર પ્રેમ અને કૃપા નવા નવા સમયે નવા સ્વરૂપે નવા સંજોગો સાથે આકાર લે છે અને મને તારે છે, મને રક્ષે છે, મને શીખવે છે, મને માર્ગદર્શન આપે છે, શક્તિ આપે છે, ભક્તિ આપે છે, અને મને ખૂબ પ્રેમ કરે છે. મારી સાથે જ છે. હું જ્યાં હોઉં છું ત્યાં એ મારી ચારે કોર સતત મને અનુભવાય છે.

પૂ.'મા' આપે આ શિબિરમાં "meditation" પર પ્રાધાન્ય આપી અમ સહુ યુવા-યુવતીઓ ઉપર અપાર કૃપા દાખવી છે. મારા જીવનમાં કોઈ ચોક્કસ લક્ષ્ય નથી. હું ''ભીમ'' છું મને લક્ષ્ય વિષે પૂછવામાં આવે તો મને બીજું બધું જ દેખાય બસ પક્ષીની આંખ (લક્ષ્ય) જ ધૂંધળી હોય. જેમાંથી મારે ''અર્જુન'' જેવા બનવું છે. જેને માત્ર અને માત્ર લક્ષ્ય દેખાય, જેને પોતે પોતાના વિકાસ માટે વ્યક્તિગત સાધનાઓ કરી હતી અને જેની પાસે ''પાત્રતા'' હતી કે શ્રીકૃષ્ણ એના રથના સારથિ બને,

મહાભારતનું મહાયુદ્ધ જેમાં વિજય મળે અને ગીતા-બોધ ને પચાવી શકે.

હું ખૂબ જ પ્રેમભાવ અને લાગણીશીલ છોકરી રહી છું જેમાં લાગણીઓને કોઈ દિશા મળતી ન હતી, જે આપને મળીને એક આધ્યાત્મિક સફર પર વહેવા લાગી અને હવે આપ જ લક્ષ્ય છો આ જીવનનું. ભૌતિક જીવનમાં પણ કોઈ લક્ષ્ય નથી પણ હા, એવું જીવન જરૂરથી ચાહું છું કે જેમાં મને કોઈ આર્થિક કે સામાજિક અડચણ ના આવે આપનું સાંનિધ્ય પામવા માટે. પૂ.મા આપને પ્રાર્થના છે આપ પણ હંમેશાં આ જીવનરથના સારથિ બની રહેજો અને મને માર્ગદર્શિત કરતાં રહેજો. મારી સાથે રહેજો. પ્રણામ.

આ શિબિરમાં meditationનું જ્ઞાન પીરસવા આપે છપ્પન કરોડ પકવાન પીરસી દીધાં ! પૂજ્ય શ્રી પ્રભુ દ્વારા meditation મહત્ત્વ, પ્રકારો, લાભ, જરૂરિયાત, ઉદાહરણો વગેરે સાથે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા પ્રવચનો, આપ દ્વારા દર્શાવેલી ૧૦ રીતો meditation માટેની, પૂજ્ય શ્રી પ્રભુરચિત ''ધ્યાન'' માટે ક્રમબદ્ધ સૂચનાઓ અને એ સહુને સમાવતું યુથશિબિરનું discussion અને શ્રી પ્રતિકભાઈ દ્વારા અપાતા meditation sessions. આટલા મજબૂત પાયા ઉપર હું આવતી શિબિર સુધી નિયમિત meditation કરી, મારા અંતરઆત્માની સાચી મિત્ર બનીશ. શ્રી ઉમેશભાઈ, શ્રી જયુબેન તથા અન્ય ''ભજન મંડળી''ના સભ્યો સાથે પ્રાર્થના-ભજન ધૂન કરવાનો ખૂબ આનંદ આવ્યો. મને એ તાનમાં પ્રભુ ભજન કરવા ખૂબ ગમે છે. એમાં હું સંપૂર્ણપણે મા-મયતા અનુભવું છું.



પનામાના શ્રી દિવ્યેશભાઈ તથા પરિવાર, મહેશભાઈ, મેહુલભાઈ વગેરે સહુ પનામાના યજમાનોએ ખૂબ જ ભાવ-પ્રેમ, આવકાર, આગ્રહ, નમ્રતા તથા શાંતિ સાથે પૂ.મા પરિવારના દરેક સદસ્યનું સ્વાગત કર્યું, સાથે કોઈ પણ પ્રશ્ને આયોજને શિબિરના દરેક પડાવે સારથિ કે સાથીસ્વરૂપે સંપૂર્ણ સહકાર સાથે આ મહાયજ્ઞને સફળ રીતે પાર પાડવામાં ભાગ ભજવ્યો છે, હે મા, આપ આ સર્વેનું કલ્યાણ કરજો. એમને આમ જ શક્તિ, ભક્તિ અને આપના આશીર્વાદ આપતા રહેજો.

બસ અહીં અટકું છું મા, કાલે પાછી ''સાસરે'' જાઉં છું. જેટલી વાર તારાથી દૂર જાઉં છું મારા લગ્ન (વિદાય) કરતાં વધારે દુ:ખ, અને તકલીફ મને અનુભવાય છે. આ કટાયેલા લોખંડને (ખાલી શરીર)ને લોહતત્ત્વી (જીવનતત્ત્વી) ચુંબક સ્વરૂપી ''મા''થી કઈ રીતે છૂટા પાડું હસતી રહું છું, હસતી રહીશ, રોજ ૨૧ પ્રણામ, ૧૦ મિનિટ મૌન અને ૧૫ મિનિટ meditationના નિયમ આપના શ્રી ચરણોમાં ધરું છું એને સ્વીકારજો અને મને અને અર્ચનને સદ્‌બુદ્ધિ આપજો, અમારો અહંકાર દૂર કરજો, અમને સાચો માર્ગ બતાવજો, અમને શક્તિ આપજો, ભક્તિ આપજો, અને હંમેશાં આપના શ્રી ચરણોમાં સ્થાન આપજો, જેથી અમે હિંમત હાર્યા વગર, પૂરા પ્રયત્નો સાથે, વ્યક્તિગત સાધના અને દૃઢ સંકલ્પ સાથે ''ગુરુને ગૌરવ કરવા જેવું'' જીવન જીવતાં શીખીએ અને શીખવાડીએ.

**લિ. આપની ''દીકરી'' ધરાના 'જય કૃપાળુ મા'**

'જીવ જ્યારે 'ત્વમેવ શરણં મમ' કહે છે ત્યારે જ ઈશ્વર 'મામેકં શરણં વ્રજ' કહે છે.'

## ॥ વિમિષા ॥

પૂજ્ય પરમ કૃપાળુ માને કોટિ કોટિ વંદન. સૌ પ્રથમ તો પૂજ્ય માને ખૂબ ખૂબ Thank you કે તમે પનામા યુથ શિબિર ૨૦૧૮ માં આવવાની અમૂલ્ય તક આપી. આ યુથ શિબિરમાં કેટલું બધું નવું જાણવાનું અને શીખવાનું મળ્યું.

પૂ. મા એમના દરેક બાળકને ક્યારે શું પીરસવું એનું કેટલું બધું ધ્યાન રાખે છે એ પણ જાણવા મળ્યું. આ મારી પહેલી યુથ શિબિર હતી. અહીં આવીને ખૂબ પામ્યા.

જેમ કે રોજ સવારે પૂજ્ય મા સાથે પ્રણામ કરવાની અણમોલ તક. સાથે પ્રણામ કરાવીને પૂજ્ય મા દરેક યુથને પ્રેરણા આપે છે કે પૂજ્ય મા ૭૫ વર્ષની ઉંમરે આટલા બધા પ્રણામનો નિયમ પાળી શકતા હોય તો દરેક જણે ઓછામાં ઓછા ૧૧ પ્રણામનો નિયમ લેવો જોઈએ. એ જ રીતે પૂજ્ય મા આપણી સાથે પદ્માસનમાં બેસીને મેડિટેશન કરે છે. તે આપણને પ્રોત્સાહિત કરવા જ કરે છે. પૂ. શ્રીના કયા પ્રવચનની ક્યારે આપણને જરૂર છે એ પણ પૂજ્ય મા પોતાના આટલા busy schedule માંથી ફક્ત એમના બાળકો માટે જ સમય ફાળવીને select કરે છે અને પીરસે છે. જે ખૂબ જ સરસ વિષયના પૂજ્યશ્રીના પ્રવચનો પૂજ્ય માએ આ યુથશિબિરમાં એમના બાળકોને પીરસ્યા. જેનો વિષય હતો “Meditation”, “Self Realisation”, “How to connect with God”, How to reach to the supreme Lord.” જેનું ખૂબ સરસ જ્ઞાન



પૂજ્યશ્રીના પ્રવચનમાંથી પૂજ્ય માએ આપણને પીરસ્યું. આનાથી વિશેષ સુંદર દિવસની શરૂઆત તો હોઈ જ ના શકે.

એ જ રીતે હૉલમાં જઈને પણ નિત્ય પ્રાર્થના, ધૂન, સંકીર્તનના નિયમો પણ ખૂબ સરસ રીતે દેવાંગભાઈ અને અર્પિતાબેનના સંચાલન હેઠળ પળાયા. કોઈક વાર ખૂબ સરસ પદો વંચાયાં, ડાયરીનું વાંચન થયું. એમાંથી ખૂબ સરસ પામ્યાં.

ભોજન વખતે મૌન રાખવાનું એ બધું પણ આ શિબિરમાં બધાને જાણવાનું મળ્યું. અર્પિતાબેને ઉપવાસ (ફળાહાર)નું મહત્ત્વ કેટલું છે એ ખૂબ સરસ રીતે સમજાવ્યું અને કેટલા બધા યુથને ફળાહારની પ્રેરણા આપી. દરેક નવા યુથ પાસે એમનો પરિચય અપાવી અને લોકો આ શિબિરમાંથી શું મેળવવા માંગે છે એ બોલવા ઊભા કર્યા અને આ રીતે એ બધાંનો સંકોચ (બોલવા ઊભા થવાનો) દૂર કર્યો.

પૂજ્ય માએ એવી રીતે બેસવાની સૂચના અપાવી કે, શિબિરમાં બધા જે એકબીજાને ન ઓળખતા હોય એમની સાથે બેસો એટલે એમની સાથે મિત્રતા થાય અને નવા મિત્રો બને. એમની પાસેથી પૂજ્ય મા વિશેના અનુભવો જાણો. કેટલા સરસ વિચાર પૂજ્ય માના એમના બાળકો માટે !

એક પ્રસંગ તો એવો બન્યો કે સાચે જ પૂજ્ય મા કેટલી કાળજી રાખે એનાં દર્શન થયાં. જ્યારે પૂજ્ય માએ સવારની બેઠકમાં દેવાંગભાઈ પાસે એક પદ વંચાવ્યું અને એનો ભાવાર્થ પણ સમજાવ્યો પણ સાંજે જ્યારે પૂજ્ય મા શિબિરમાં સંદેશો મોકલાવે છે કે કેટલા જણને સવારનું પદ યાદ છે? ત્યારે કોઈને

જ તે પદ યાદ ન હતું, હા, એનો ભાવાર્થ ઘણા જણને યાદ હતો. એટલે પૂજ્ય માએ બીજે દિવસે પૂજ્યશ્રીનું પ્રવચન સંભળાવ્યું. How to connect with God ના વિષય પર. અને બપોરે એ જ દિવસે ISKON ના મંદિરની મુલાકાતે મોકલ્યા, ત્યાં પણ મંદિરના મુખ્ય મહંતે એ જ વિષય પર ચર્ચા કરી (જે પૂજ્ય માએ જ કરાવી એ જ વિષય પર) એટલે પૂજ્ય માએ આપણને revision કરાવ્યું કે આપણે બધા ભૂલી ના જઈએ. આટલું ધ્યાન એમના બાળકનું કોણ રાખે? પૂજ્ય મા જ રાખી શકે.

૧૭–૮–૧૮ ની સવારની બેઠકમાં પૂજ્ય માએ રક્ષિતાબેનને પ્રણામ વિષે બોલવા ઊભા કર્યા અને પ્રણામનું મહત્ત્વ બેન રક્ષિતાના જીવનમાં કેટલું છે એ સમજાવ્યું અને એમાંથી બધાંને પ્રેરણા લેવાનું જણાવ્યું. એ જ રીતે ભાઈ સમીત પાસે પણ 'મેરેથોન' વિષેનું જ્ઞાન પીરસાવ્યું અને sports નું મહત્ત્વ સમજાવ્યું અને સ્પોર્ટસનું ભગવાન સાથે કનેક્શન પણ સમીતભાઈએ એમના અનુભવો દ્વારા જણાવ્યું. પનામા કેનાલની મુલાકાત લેવા મોકલીને પૂજ્ય માએ બધા યુથને પનામા દેશની ખાસિયત વિષેનું પણ સરસ જ્ઞાન આપ્યું.

પૂજ્ય માએ ૧૫ મી ઓગષ્ટનું પણ એટલું સરસ આયોજન કરાવ્યું અને એ રીતે બધાને દેશભક્તિનો સંદેશો આપ્યો. વિદેશમાં રહેતા યુથને કેવી શિસ્તથી ભારતનું ધ્વજવંદન થાય અને રાષ્ટ્રગીત કેમ ઊભા રહીને ગવાય એની ૧૫ મી ઓગષ્ટના કાર્યક્રમ પરથી જાણકારી આપી. પનામાના યુથ અને નાનાં



બાળકોના નૃત્ય જોઈને ભારતની સંસ્કૃતિનો પણ પરિચય મળ્યો. આ ઉપરાંત રોજ શિબિરમાં ૩૦ મિનિટ ધ્યાન માટે પણ ફાળવવાનું પૂ. માએ જણાવ્યું. અને કેવી રીતે કરવું એ શ્રી પ્રતિકભાઈ દ્વારા ખૂબ સરસ રીતે જાણવા મળ્યું. આ જ રીતે પૂજ્ય મા દર વર્ષે એમના બધા બાળકોને બોલાવતા રહે એવી પ્રાર્થના.

શિબિરમાં પનામાના બાળકો પાસે પનામા અને પૂજ્ય મા પરિવાર વિષેના Presentation અપાવીને એ બંને વિષય પર ખૂબ સરસ જાણકારી અપાવી અને એ દ્વારા પનામાના યુથનો આત્મવિશ્વાસ વધાર્યો.

આ શિબિરમાં સરસ નિયમો લેવાયા અને પળાયા જેવા કે : પહેલા દિવસે ૨૧ માળા. બીજે દિવસે ૫૦૦૦ જપ, ફળાહાર અને 'શિવમહિમ્નસ્તોત્ર'નું વાંચન. આ જ રીતે ઘરે પણ આવા નિયમો પળાય એવા આશીર્વાદ આપો પૂજ્ય મા. અમે દર વર્ષે શિબિરમાં ભાગ લઈ શકીએ એવા આશીર્વાદની ઝંખના સાથે.

---

બાળકે લખેલા બધા જ શબ્દો ખોટા હોવા છતાં ધીરજથી-પ્રેમથી-મધુરતાથી-ચાતુર્યપૂર્વક શિક્ષક સત્ય કહે :

'All the letters are good ! You have written them very well. very good ! You have only written this letter the wrong way. You should write it like this. And also that letter is incorrect. It is like this.'

—ત્યારે તેના શ્રીમુખે સાક્ષાત્ 'મા' શારદાનું પ્રેમામૃત ઝરે છે.